# આત્મધર્મ

માસિક : વર્ષ-૮ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૧૪



આહાહા ! પોતે જ સર્વજ્ઞ સ્વરૂપ છે, પરિપૂર્ણ સ્વરૂપથી ભરેલો પોતે જ સર્વજ્ઞ સ્વભાવી છે. જ્ઞાન, આનંદ આદિ અનંત રત્નોથી ભરેલો રત્નાકર ભગવાન પોતે જ છે, એને અપૂર્ણ અલ્પજ્ઞ પર્યાયાવાળો માનવો એ પણ મિથ્યાભ્રમ છે તો રાગને પોતાનો માને એ તો મિથ્યાદૃષ્ટિ છે જ.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✽ અજ્ઞાનભાવ રખના ચોરી હૈ ક્યોંકિ વહ જ્ઞાનમયી આત્માકે સ્વભાવકો છિપા રહા હૈ, ઉસકી નિધિકો લોપ કર રહા હૈ, ઈસલિયે અજ્ઞાન ઔર મિથ્યાત્વરૂપ ચોરીકો છોડના ચાહિયે. વિષયોંકે સુખકી લમ્પટતાકો મિટાના ચાહિએ. ૧૩૯૫.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૫૧)*

✽ આ જિનાગમ સર્વ પ્રાણીઓનું રક્ષણ કરનારું છે તેનો જે જીવોએ આશ્રય લીધો છે તે અનંત સંસારસાગરને ઓળંગીને મુક્ત થયા છે. આવું આ જિનશાસન સદાય વૃદ્ધિગત હો. આ જિનશાસનને હું નમસ્કાર કરું છું. ૧૩૯૬.

*(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, પ્રત્યાખ્યાન અધિકાર. ગાથા-૧૧)*

✽ જૈનધર્મમાં પ્રતિજ્ઞા ન લેવા બદલ તો દંડ છે નહિ, જૈનધર્મમાં તો એવો ઉપદેશ છે કે પહેલાં તત્ત્વજ્ઞાની થાય, પછી જેનો ત્યાગ કરે તેના દોષ ઓળખે. ત્યાગ કરવાથી જે ગુણ થાય તેને જાણે અને પોતાના પરિણામોનો વિચાર કરે, વર્તમાન પરિણામોના જ ભરોંસે પ્રતિજ્ઞા ન કરી બેસે પરંતુ ભવિષ્યમાં તેનો નિર્વાહ થતો જાણે તો પ્રતિજ્ઞા કરે. વળી શરીરની શક્તિ વા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિકનો વિચાર કરે. આ પ્રમાણે વિચાર કર્યા પછી પ્રતિજ્ઞા કરવી યોગ્ય છે; તે પણ એવી પ્રતિજ્ઞા કરવી કે જે પ્રતિજ્ઞા પ્રત્યે નિરાદરભાવ ન થાય પણ ચઢતાભાવ રહે, એવી જૈનધર્મની આમ્નાય છે. ૧૩૯૭.　　*(શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર-૭, પાનું—૨૪૩)*

✽ જિસકે પ્રતાપસે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવલ પાંચોં હી જ્ઞાનોંકી સિદ્ધિ હો સકે, મિથ્યાજ્ઞાન ઔર મિથ્યાત્વભાવ નાશકો પ્રાપ્ત હો જાવે ઐસે સરલ શુદ્ધ માર્ગ પર ચલના, ઈર્યાપથ ગમન યા ઈર્યાસમિતિ કહલાતા હૈ. જહાં આત્માકો પરમાત્મરૂપ જાનકે સ્વાનુભવ કિયા જાતા હૈ. યહી સ્વાનુભવ હી ઈર્યાસમિતિ હૈ. ૧૩૯૮.　　*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૬૧૯)*


✽ જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને (તફાવતને) જાણે છે તેમ જે જીવ જ્ઞાનને લીધે વિવેકવાળો (ભેદજ્ઞાનવાળો) હોવાથી પરના અને પોતાના વિશેષને જાણે છે તે (જેમ હંસ મિશ્રિત થયેલાં દૂધજળને જુદાં કરીને ગ્રહણ કરે છે તેમ) અચળ ચૈતન્યધાતુમાં સદા આરૂઢ થયો થકો (અર્થાત્ તેનો આશ્રય કરતો થકો) માત્ર જાણે જ છે, કાંઈ પણ કરતો નથી (અર્થાત્ જ્ઞાતા જ રહે છે, કર્તા થતો નથી.) ૧૩૯૯.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર—ટીકા, કળશ—૫૯)*

વર્ષ–૮
અંક–૫




સંવત
૨૦૭૦
January
A.D. 2014



# દ્રવ્ય-ગુણની જેમ સિદ્ધપર્યાય પણ સ્વભાવભાવભૂત હોવાથી ધ્રુવ છે

(શ્રી સમયસારજી ઉપર (૧૫મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીના મંગળ પ્રવચનો)

(સળંગ પ્રવચન નં. ૫, ઉત્તરાર્ધ)

પહેલાં એવું દૃષ્ટાંત આપતાં હતા કે એક મોટાં વાસણમાં પાણી ભર્યું હોય તેમાં જો વાસણ જેવડો જ ડટ્ટો અંદર નાખી દ્યો તો પાણી બધું બહાર નીકળી જાય, તેમ તારી પર્યાયમાં સિદ્ધને પધરાવ તો બધો વિકાર અને અલ્પપણું ચાલ્યું જશે એમ અહીં કહેવા માંગે છે.

શ્રોતા :—ફરીવાર સંભળાવોને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ તો મહામંત્રો છે, સિદ્ધાંત છે. આ કોઈ વાર્તા-કથા નથી. એક એક શબ્દોમાં મોટા આગમો ભર્યા છે. પહેલાં સ્વભાવ પ્રગટ ન હતો, વિભાવ હતો તે ટળીને આ સિદ્ધદશા થઈ છે, તે દશા એમને એમ રહેશે. એવા સિદ્ધો અનંત છે અને તેનાથી અનંતગુણા બીજા આત્માઓ છે. સિદ્ધ થવા માટે અનંતકાળ લાગતો નથી, અસંખ્ય સમયમાં જ સિદ્ધ થવાય છે. એમ, અનંત સિદ્ધ થયા છે તો તું પણ તેમાં ભળ ને! ચાલ ને! અમે તમને સાગમટે નોતરું આપીએ છીએ. ૩૮ ગાથા પછીના શ્લોકમાં આવશે કે ‘આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડૂબાડી દઈને પોતે સર્વાંગ પ્રગટ થયો છે. સમસ્ત લોક તેના શાંતરસમાં એકીસાથે જ અત્યંત મગ્ન થાઓ.’ સાગમટે નોતરું આપ્યું છે. એકીસાથે બધાં આવો અને તેમાં લીન થાઓ! કેવો છે શાંતરસ? કે લોકપર્યંત ઉછળી રહ્યો છે એટલે આખા લોકાલોકનું જ્ઞાન તેમાં થઈ જાય છે. આખી દુનિયા તેમાં આવો....તેમાં આવો!

અહા! સિદ્ધપર્યાય સ્વભાવભૂત હોવાથી ધ્રુવ છે. એવી દશાવંત સિદ્ધભગવાનનો

આદર કરીને, સિદ્ધ ઉપર બિરાજતાં હોવા છતાં નીચે–પોતાની પર્યાયમાં સ્થાપે છે. રામચંદ્રે ચંદ્રને ઉતારીને પોતાના ખિસ્સામાં લીધો હતો તેમ અહીં કુંદકુંદાચાર્ય કહે છે અમે અમારી પર્યાયના ખિસ્સામાં અનંતા સિદ્ધોને પધરાવ્યા છે.

શ્રોતા :—કુંદકુંદ ભગવાન પણ જબરી વાત કરે છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભગવાનથી મોટો બીજો છે કોણ? દુનિયામાં ભગવાનથી મોટો બીજો કોઈ નથી. જે બીજાને મોટપ આપે તેની મોટપની શું વાત કરવી! જેને સ્વભાવભૂત સિદ્ધપર્યાય પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં બેઠી, તેને સ્વભાવ ઉપર લક્ષ જઈ, અસ્થિરતા અને અલ્પજ્ઞતા ટળી, સર્વજ્ઞતા અને વીતરાગતા પ્રાપ્ત થઈ જશે. આચાર્યદેવ પોતે કોલકરાર કરે છે કે અમે સિદ્ધ થવાના જ. પાંચમો આરો છે તેથી અહીંથી તો સ્વર્ગમાં જશું પણ ત્યાંથી મનુષ્ય થઈને સિદ્ધ થવાના એમ પોકાર કરે છે.

ચારેય ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી, વિનાશિક છે, જે પરનિમિત્તથી થાય તે કાંઈ ધ્રુવ રહે! એ ટકી જ ન શકે સિદ્ધગતિ તો સ્વભાવભૂત હોવાથી ધ્રુવ રહે છે. આમ, અસ્તિ-નાસ્તિ કરીને સિદ્ધગતિનું સ્વરૂપ સમજાવ્યું છે. ચારગતિમાં સ્વર્ગગતિ હો તે પણ કાંઈ અમર નથી. લાંબી સ્થિતિ હોવાથી અમરગતિ કહેવાય છે પણ તે કાંઈ સ્વભાવ નહિ હોવાથી નાશવાન છે. મિથ્યાદૃષ્ટિ દેવ આઠમા સ્વર્ગમાં અઢાર સાગરની સ્થિતિ લઈને ઉત્પન્ન થયો હોય તો એક પલ્યમાં અસંખ્ય અબજ વર્ષ જાય અને એવા ૧૦ ક્રોડાક્રોડી પલ્યનો એક સાગર અને એવા ૧૮સાગરનો લાંબો કાળ હોવા છતાં જ્યાં સ્થિતિ પૂરી થઈ ત્યાં હવે? જાવ બીજી ગતિમાં. આ ક્યા સ્વભાવગતિ હતી કે કાયમ રહે! મિથ્યાદૃષ્ટિ દેવ આત્માના ભાન વિના તિર્યંચગતિમાં પંચેન્દ્રિય પશુમાં ચાલ્યો જાય. ક્યાં ક્ષણ પહેલાં આઠમું સ્વર્ગ અને ક્યાં ક્ષણ પછી તિર્યંચ!! આ તો બધી અસ્થિરદશા છે. મિથ્યાદૃષ્ટિ અનંતવાર ૩૧ સાગરોપમની સ્થિતિ લઈને નવમી ગ્રૈવેયકમાં જઈ આવ્યો. પણ પછી? આત્માના–સત્‌ચિદાનંદ પ્રભુના ભાન વિના ક્રિયાકાંડ કરી નવમી ગ્રૈવેયક ગયો પણ તે ગતિ છે ને! કાયમી વસ્તુ નથી. પરના નિમિત્તવાળી હોવાથી ગતિ પૂરી થઈ જાય છે. બસ ખલાસ! હા. એ શાશ્વત ગતિ ન હતી. મહાવિદેહક્ષેત્રના મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય કરોડપૂર્વનું હોય છે. એક પૂર્વમાં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ જાય એવા એક કરોડપૂર્વના આયુષ્યવાળો મનુષ્ય રાજા થયો હોય તે કાળ પણ પૂરો થઈ જાય છે. કેમ કે પરનિમિત્તથી થએલી ગતિઓ ધ્રુવ નથી. પંચમગતિમાં જ માત્ર એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થાય છે.

આમ, 'ધ્રુવ' વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો એમ કહીને આચાર્યદેવે ધ્રુવ શબ્દમાં ઘણું સમાડી દીધું છે. બીજા અચલ અને અનુપમ વિશેષણની વાત પછી આવશે. (ક્રમશઃ) *




# વીતરાગવાણીને નમસ્કાર હો !



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(પ્રવચન નં. ૨)(તા. ૨૮-૪-૪૪, શુક્રવાર)

તીર્થંકર કેવા હોય કે તેને જ વંદન કરવાયોગ્ય છે અને તે જ અસાધારણ મંગળિક છે? તેનું સ્વરૂપ કહે છે :—જે હિતોપદેશના કર્તા છે અને જીવન્મુક્તદશા અર્થાત્ ભાવમુક્તિ પ્રાપ્ત કરી છે; આયુકર્મ બાકી હોવા છતાં અંતર મુક્ત થઈ ગયા છે; (ચાર અઘાતિ કર્મ વર્તે છે) અને સર્વજ્ઞતા તથા વીતરાગતા એવા ગુણોથી સુશોભિત છે; ક્ષુધા નથી, ક્ષુધાની ઈચ્છા પણ નથી. કોઈ કહે ઈચ્છા વગરનો આહાર (કવળ આહાર) તો હોય ને? તો તેમ પણ નથી; અંતરમાં આહારની ઈચ્છા નથી અને બહારમાં પણ આહાર નથી; તૃષા નથી સ્વરૂપના અમૃતનું પાન કરી રહ્યા છે તેમાં તૃષા જ નથી—પાણીની ઈચ્છા નથી, શરીરમાં જરા (વૃદ્ધાવસ્થા) ન હોય, અસાતા ન હોય, (સાતાના અનંતમે ભાગે અસાતા હોય છે પણ તે બહાર દેખાતી નથી. જેમ મીઠા પાણીથી ભરેલા સમુદ્રમાં એક નાની મીઠાની કાંકરી નાખવાથી સમુદ્રના જળમાં તેની કાંઈ ગણતરી નથી તેમ કેવળીને અનંતમે ભાગે અસાતા છે તેની ગણતરી નથી.) ભગવાનને જન્મ-મરણ ન હોય, દેહ છૂટ્યા પછી મુક્ત જ છે તેથી તે મરણ ન કહેવાય. દેહથી છૂટવું તે મરણ નથી પણ એક દેહ પછી બીજો દેહ ધારણ કરવો પડે તે મરણ છે. કેવળીને બીજો દેહ ધારણ કરવાપણું નથી તેથી તેને મરણ નથી પણ મુક્તિ જ છે; ભય નથી, જે પ્રમાણે બનવાનું છે તે તો પોતે જાણી લીધું છે પછી ભય શેનો? વિસ્મયતા નથી, જ્યાં કાંઈક ન જણાયું હોય એટલે નવું લાગે ત્યાં આશ્ચર્ય હોય—કેવળીને તો કાંઈ પણ જાણવાનું બાકી નથી, એક સાથે ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે તેથી તેમને વિસ્મયતા નથી, રાગ નથી, દ્વેષ નથી, મોહ નથી, પરસેવો નથી, ખેદ નથી, મદ નથી, ચિંતા નથી, રતિ નથી, અરતિ નથી અને નિદ્રા નથી; એ પ્રમાણે કેવળી ભગવાન અઢાર દોષ રહિત છે. આવા જ દેવ કલ્યાણ કરનાર છે. આત્માની ઉપાસનાના કામીએ પોતાના હિત માટે આવા આપ્તને જ દેવ (પવિત્રતામાં પૂરા), પૂજ્ય (પૂજવા યોગ્ય), માનનીય, સકલ (શરીર સહિત) પરમાત્મા અને પરમસુખી સમજવા અને તે

> તું શુદ્ધ ભાવે ભાવ રે! સુવિશુદ્ધ નિર્મળ આત્મને,
> જો શીઘ્ર ચઉગતિમુક્ત થઈ ઇચ્છે સુશાશ્વત સૌખ્યને. ૬૦. —શ્રી ભાવપ્રાભૃત

જ દર્શનયોગ્ય તથા વંદનયોગ્ય છે.

ટીકા :—આ નિયમસાર ગ્રંથથી જરૂરનું એ છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ નિયમ છે. સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રૂપ જે નિયમ તેનો સાર એટલે શુદ્ધ રત્નત્રય સ્વરૂપ આત્મા તેનું વર્ણન કરીશ. અહીં "સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ" એમ કહીને આત્મા સાથે તેનું અભેદપણું બતાવ્યું છે; શુદ્ધ આત્મામાં દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પણ નથી.

નિયમસારની પ્રમાણતા — આ મારૂં જ કથન નથી પણ જે સકલ-પ્રત્યક્ષ-પૂર્ણ કેવળજ્ઞાનીઓ અને દ્વાદશાંગના પારગામી એવા શ્રુતકેવળીઓ કહી ચૂક્યા છે તેમાંથી મળ્યું છે તે જ હું કહીશ, મારા ઘરનું નથી કહેતો. હું જે પરમાગમને કહીશ તે મારા મનની કલ્પનાથી નહિ કહું પણ જેવું મારા ગુરુએ મને કહ્યું છે તે જ હું કહીશ,—એમ કહીને પોતાની નિર્માનતા અને ગુરુ પરંપરાની અવિચ્છિન્નતા ઠેઠ સુધીથી ચાલી આવેલી પ્રણાલિકાથી આ શાસ્ત્રનું પ્રમાણિકપણું સિદ્ધ કર્યું; આ પરમાગમ સમસ્ત ભવ્ય જીવોના સમૂહને હિતકારી છે. આ પ્રમાણે શ્રી કુંદકુંદાચાર્ય મહારાજે પોતાના ઈષ્ટદેવ શ્રી અરિહંતની સ્તુતિ કરીને નિયમસાર કહેવાની પ્રતિજ્ઞા કરી.

હવે ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારીદેવ કહે છે કે :—

जयति जगति वीरः शुद्धभावास्तमारः
त्रिभुवनजनपूज्यः पूर्णबोधैकराज्यः।
नतदिविजसमाजः प्रास्तजन्मद्रुबीजः
समवसृतिनिवासः केवलश्रीनिवासः।।

આ જગતમાં આત્મશક્તિમાં જે વીર છે એવા શ્રી મહાવીર ભગવાન સદાય જયવંત વર્તો! જે મહાવીરે શુદ્ધ આત્મરમણતાથી કામદેવનો સંહાર (પરાજય) કર્યો છે, (આત્માના સુખની મીઠાશ વગર ઈન્દ્રિયના સુખની મીઠાશ જાય નહીં. પદ્મપ્રભમલધારી નિર્ગ્રંથ મુનિ હતા, તેમને બ્રહ્મચર્યની લીનતા ઘણી હતી, તેથી બ્રહ્મચર્યનું વર્ણન ઠેકાણે ઠેકાણે કર્યું છે;) બધામાં મુખ્ય જે વિષયવાસના તેને આત્મભાવનાથી નિર્મૂળ કરી છે, એવા મહાવીર ભગવાન ત્રિલોકવંદ્ય છે, પૂર્ણ પરમાત્મદશા ખીલી છે તેને ત્રણ લોક પૂજે

તું ભાવ ઝટ અજ્ઞાનનાશન જ્ઞાન પંચપ્રકાર રે!
એ ભાવનાપરિણત સ્વરગ-શિવસૌખ્યનું ભાજન બને. ૬૫. —શ્રી ભાવપ્રાભૃત

છે; અહીં કોઈ ન પૂજે એની ગણતરી જ નથી, આચાર્ય પોતે અને બીજા બધા મોટા (ઈન્દ્ર, ચક્રવર્તી વગેરે) નમે છે તેમાં બધા આવી જાય છે. મોટા પુરુષો નમે છે તેની જ ગણતરી છે, અજ્ઞાનીને તો નમસ્કાર શું એ જ ખબર નથી. ભગવાનના જન્મકલ્યાણકમાં બધા જ દેવો નથી આવતા પણ ઈન્દ્ર વિગેરે મોટા આવે છે તેથી બધા આવે છે એમ કહેવાય છે. અહીં આચાર્યને પોતાની દૃષ્ટિમાં પૂજ્યભાવ જાગ્યો છે તેથી દૃષ્ટિની વ્યાપકતાથી કહ્યું છે કે "ત્રણ લોક પૂજે છે."

વળી ભગવાન પાસે પૂર્ણ જ્ઞાનનું એક રાજ છે. રાજા તેના રાજમાં શું કરે છે? કોઈ પરને ભોગવતો નથી પણ માત્ર "આ મારૂ" એમ માને છે. ત્યાં ખરેખર તો તે રાજને જાણે છે તથા અજ્ઞાની તેમાં મારાપણાનું અભિમાન કરે છે. ભગવાન પાસે જ્ઞાનનું એવું સ્વ-રાજ્ય (જ્ઞાનમાં પરની જરૂર ન પડે એવું રાજ્ય) છે કે જ્ઞાનમાં કોઈ પર દ્રવ્ય જાણવામાં બાકી ન રહે—અર્થાત્ બધું જણાય. જેવું અહીં (સર્વજ્ઞના જ્ઞાનમાં) જણાય તેવું સામે (જ્ઞેયમાં) પરિણમન થાય અને જેવું સામે પરિણમન થાય તેવું જ પોતાના જ્ઞાનમાં જણાય છે. ચક્રવર્તીને પણ અંતરથી ન માનનારા હોય છે. પણ ભગવાનના પૂર્ણ જ્ઞાનની સત્તા કોઈથી ફરે નહીં અર્થાત્ ભગવાનના જ્ઞાનમાં જેમ જણાયું તેમ ન થાય એમ બને નહીં.

વળી ભગવાન મહાવીરને દેવો કે જે પુણ્યના પૂતળાં છે તેઓનાં ટોળાં નમસ્કાર કરે છે. તેથી પુણ્ય કરતાં ધર્મ જુદી ચીજ છે એ પણ સિદ્ધ થાય છે. જેણે સંસારવૃક્ષના બીજ રાગ-દ્વેષ-મોહનો નાશ કર્યો છે અને કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્યની લક્ષ્મીનું સ્થાન છે તથા જે સમવસરણમાં બિરાજમાન છે—એવા મહાવીર ભગવાનને આ પહેલી ગાથામાં નમસ્કાર કર્યા છે. ૧.

હવે મોક્ષમાર્ગ અને તેના ફળનું વર્ણન કરે છે :—

मग्गो मग्गफलंति य दुविहं जिणसासणे समक्खाद।
मग्गो मोक्खउवायो तस्स फलं होइ णिव्वाणं।।२।।

मार्गो मार्गफलमिति द्विविधं जिनशासने समाख्यातम्।
मार्गो मोक्षोपायः तस्य फलं भवति निर्वाणम्।।२।।

રે! પઠન તેમ જ શ્રવણ ભાવવિહીનથી શું સધાય છે?
સાગાર-અણગારત્વના કારણસ્વરૂપે ભાવ છે. ૬૬. —શ્રી ભાવપ્રાભૃત

સામાન્ય અર્થ :—વીતરાગની શિખામણને વિષે વીતરાગના શાસનમાં માર્ગ અને માર્ગનું ફળ (ઉપાય અને ઉપેય) એવા બે ભેદ કહ્યા છે. જે આત્માની પૂર્ણતાની પ્રાપ્તિનો ઉપાય તે માર્ગ છે અને નિર્વાણની પ્રાપ્તિ તે માર્ગ સેવનનું ફળ છે. ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમય સુધી માર્ગ છે અને તે પર્યાયનો વ્યય અને ત્યાર પછીની પર્યાયનો ઉત્પાદ (માર્ગનો અભાવ અને માર્ગફળની ઉત્પત્તિ અર્થાત્ સિદ્ધદશાનો ઉત્પાદ) એ બન્નેનો એક જ સમય છે.

વિશેષાર્થ :—અહીં માર્ગ કહેતાં શુદ્ધરત્નત્રય જરૂરનું છે, આ ત્રણ રત્ન (સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર)થી આત્માની પૂર્ણદશારૂપ ફળ મળે છે. આચાર્યે સ્ત્રી સંબંધી વિકલ્પ છેદવા ''મુક્તિરૂપી સ્ત્રી'' એવો અલંકાર કર્યો છે. રત્નત્રયના ફળમાં પૂર્ણ નિર્મળ પરિણતિરૂપી સ્ત્રી તેના સ્થૂળ લલાટ પર (સંકુચિત લલાટ નથી પણ વિશાળ છે કે જેની વચમાં તિલક સરખું થઈ શકે) લીલાસહિત અલંકારરૂપ તિલકપણાના પ્રાપ્ત અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ થાય છે. અહીં આચાર્યે વિકલ્પ તોડવા સંસારની બધી ભાષાને મોક્ષભાષામાં ફેરવી નાંખી છે. અંદર જે જાતનો વિકલ્પ જાગ્યો તેનો નકાર કરીને તે જ જાતનો અલંકાર કર્યો છે. દુનિયા સ્ત્રીના વિષયમાં અટકી છે જ્યારે ધર્માત્માઓ મોક્ષરૂપી સ્ત્રીના ભવ્ય લલાટમાં તિલક કરે છે. તેને ધોખ વીર્ય—આત્મબળની પ્રાપ્તિ છે. ચાંદલો કરવામાં પણ ચાંદલો કરનારની હોશીયારી અને એકાગ્રતા જોઈએ, નહિતર ચાંદલો આડો અવળો થાય છે; તેમ મોક્ષરૂપી સ્ત્રીના લલાટમાં લીલાસહિત તિલક કરવામાં એટલી એકાગ્રતા અને પુરુષાર્થની જરૂર છે, તેમાં આડા અવળા વિકલ્પનો નકાર જોઈશે. જો વિકલ્પ હશે તો ચાંદલો થઈ શકશે નહીં. ટીકાકારે મોક્ષદશાનું એવી અલૌકિક ઝળક સહિત વર્ણન કર્યું છે કે જાણે એક મોક્ષદશામાં જ આખા આત્માનો અલંકાર આવી ગયો હોય! આચાર્યને મોક્ષમાર્ગમાં એવી એકાગ્રતા છે કે તે સિવાય બીજો વિકલ્પ આવે તેને મોક્ષ તરફ ફેરવી નાંખે છે. વિકલ્પ આવે તે નાશ ખાતે છે અને મોક્ષ પર્યાય જ ઉત્પન્ન થાય એવું જોર છે.

જિનશાસનમાં એ ઉપદેશનું પ્રયોજન છે કે જે ઉપદેશ પરમ વીતરાગ સર્વજ્ઞ ભગવાને અને ચાર જ્ઞાનના ધારણ કરનાર એવા ગણધરાદિ પૂર્વાચાર્યોએ કહેલ છે. સમ્યક્પ્રતીતિ, સમ્યગ્જ્ઞાન અને આત્મરમણતા—એ ત્રણેની એકતા તે મોક્ષમાર્ગ છે, ત્રણે જુદા નથી. (ક્રમશઃ)❑

**નર-અમર-વિદ્યાધર વડે સંસ્તુત કરાંજલિપંક્તિથી**
**ચક્રી-વિશાળવિભૂતિ બોધિ પ્રાપ્ત થાય સુભાવથી. ૭૫. —શ્રી ભાવપ્રાભૃત**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે દાખલો આપીને અનિત્યતા સમજાવે છે :—

**अस्थिरं परिजनस्वजनः पुत्रःकलत्रं सुमित्रंलावण्यम् ।**
**गृहगोधनादि सर्वं नव घन वृन्दन सृद्दशम् ।।६।।**

**અર્થ :—**જેમ નવીન મેઘનાં વાદળ તત્કાળ ઉદય પામીને વિલય પામી જાય છે તેવી જ રીતે આ સંસારમાં પરિવાર, બંધુવર્ગ, પુત્ર, સ્ત્રી, ભલા મિત્રો, શરીરની સુંદરતા, ઘર અને ગોધન આદિ સમસ્ત વસ્તુઓ અસ્થિર છે. ૬.

વાદળાં આવે તે વીખરાઈ જાય તેમ જગતમાં સ્ત્રી-પુત્ર વિગેરેનો સંયોગ આવે તે ક્ષણમાં ચાલ્યો જાય છે. ખરેખર તો એક એક સમયમાં સ્ત્રી-પુત્રાદિની પર્યાયો પલટતી જાય છે. જ્ઞાની તો તેમની પર્યાયને એકેક સમયમાં પલટતી જાણે છે–તેથી તેને તેમાં સુખબુદ્ધિ થતી નથી. જે કાંઈ સ્ત્રી-પુત્રાદિનો પરિવાર છે તે એકેક સમયમાં પલટી રહ્યો છે. પુત્રનો જન્મ થયો તે જ સમયથી દરેક સમયે તે મરણની સન્મુખ થતો જાય છે. માતા કહે ''દીકરો મોટો થાય છે'' તો જ્ઞાની કહે છે કે સમયે-સમયે તેનું આયુષ્ય ઓછું થતું જાય છે; એટલે કે તે મરણની સન્મુખ થતો જાય છે. ''૫૦ વર્ષનું આયુષ્ય'' એમ કહેવાય તે તો સ્થૂળ ઋજુસૂત્રનયનું કથન છે. પણ તે સ્થૂળ ઋજુસૂત્રનય ક્યારે કહેવાય?–કે તે જ વખતે સૂક્ષ્મ ઋજુસૂત્રનું પણ ભાન હોય કે સમયે- સમયે તેની પર્યાયનો વિનાશ થઈ રહ્યો છે.

અજ્ઞાનીને યથાર્થ અનિત્ય ભાવના હોતી નથી. તે તો પર્યાયને ટકાવી રાખવા માગે છે. ખરેખર પદાર્થના પર્યાયધર્મને જુએ તો તેનો આશ્રય છોડીને ધ્રુવ સ્વદ્રવ્ય તરફ વળ્યા વિના રહે નહિ. અનુકૂળ પુત્ર-મિત્ર વિગેરે પરિવારને દેખતાં તે ક્ષણિક પર્યાયને જ સ્થિર માને છે, તે જીવે પર્યાયને જ સર્વસ્વ માનીને અખંડ દ્રવ્યને ઉડાડી દીધું! અત્યારે સુંદર દેહ હોય ને ભવિષ્યમાં ગંધાતું કૂતરું થવાનું હોય. ત્યાં અજ્ઞાની તો વર્તમાન સુંદર દેહને દેખીને તેને જ કાયમી માનીને રાગ કરે છે. પણ અહીં તો કહે છે કે પર્યાયને અનિત્ય જાણીને તું તારા ધ્રુવ જ્ઞાનાનંદસ્વભાવની ભાવના કર. ધ્રુવ સ્વભાવની દૃષ્ટિપૂર્વક આવી અનિત્ય ભાવના ભાવતાં ધર્મીની પર્યાયમાં ક્ષણે-ક્ષણે આનંદ વધતો જાય છે, માટે આ ભાવનાઓને ''ભવ્યજન આનંદજનની'' કહી છે.

**છે ગલિતમાનકષાય, મોહ વિનષ્ટ થઈ સમચિત્ત છે,**
**તે જીવ ત્રિભુવનસાર બોધિ લહે જિનેશ્વરશાસને. ૭૮. —શ્રી ભાવપ્રાભૃત**

પદાર્થ આવે તે તેના પર્યાયધર્મથી આવે છે, ત્યાં મારા કારણે તે પદાર્થ આવ્યો, એમ માનીને મૂઢ જીવ રાગ કરે છે, પણ પદાર્થો તો તેના પર્યાયધર્મથી આવે છે. તેના પર્યાયધર્મને ફેરવવાનું માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. વસ્તુમાં ''દ્રવ્યધર્મ'' ને ''પર્યાયધર્મ'' એમ બંને પ્રકારના ધર્મ છે. પર્યાયધર્મથી (વસ્તુ) સમયે-સમયે પલટે છે ને દ્રવ્યધર્મથી વસ્તુ ત્રિકાળ શાશ્વત છે. પદાર્થોનો પર્યાય સ્વભાવ જ ક્ષણે-ક્ષણે પલટવાનો છે. હું તેને મેળવું કે દૂર કરું- એમ માને તો તેણે પર્યાયને અનિત્ય જાણી નથી. એટલે કે વસ્તુના પર્યાયધર્મને જાણ્યો નથી. અહો! પદાર્થની પર્યાય ક્ષણે-ક્ષણે પલટાયા કરે-એવો તેનો સ્વભાવ જ છે તેમાં હર્ષ-શોક શો? દ્રવ્યપણે વસ્તુ ધ્રુવ છે-આમ જાણીને નિત્ય વસ્તુની ભાવના કરીને પર્યાય ધર્મને જેમ થાય તેમ જાણવો-એમાં એકલી વીતરાગતા જ થાય છે. આ તો જેને વીતરાગતા જોઈતી હોય તેને માટેની વાત છે. પદાર્થોને પર્યાયથી અનિત્ય જાણ્યા ત્યાં પર્યાયના કારણે જે હર્ષ-શોક થતો તે હર્ષ-શોક છૂટી ગયો, ને સ્વભાવ તરફ વળ્યો; સ્વભાવના કારણે હર્ષ-શોક થતા નથી, એટલે એકલું જ્ઞાતાપણું ને વીતરાગભાવ જ થાય છે. પુત્ર, ઘર, લક્ષ્મી વિગેરે પર્યાયોને દેખતાં અજ્ઞાની એમ માને છે કે ''મને આ મળ્યું''-એમ તેને સ્થિર કલ્પીને તેમાં મોહથી રાગ છે. ધ્રુવ દ્રવ્યને અધ્રુવ પર્યાય-એ બંનેના મેળ વિના પરવસ્તુની પર્યાયમાંથી હર્ષ-શોકની બુદ્ધિ ટળે નહિ. જગતના બધા પદાર્થોની પર્યાય તેના સ્વભાવથી જ અસ્થિર છે. દ્રવ્ય કદી પોતાની પર્યાય વગરનું હોય નહિ ને પર્યાય કદી સ્થિર રહે નહિ. આવું જેને ભાન છે એવા ધર્મીને યથાર્થ અનિત્ય ભાવના હોય છે.

બાર ભાવનામાં આ પહેલી અનિત્ય ભાવનાનું વર્ણન છે. આ અનિત્ય ભાવના કોને હોય? જેને નિત્ય જ્ઞાનાનંદસ્વભાવની રુચિ અને દ્રષ્ટિ થઈ હોય તેવા જીવને જ આ અનિત્ય ભાવના યથાર્થ હોય છે, આવો સિદ્ધાંત છે. તેને આ ભાવનાથી શુદ્ધતાની વૃદ્ધિ થાય છે.

આ ભાવના તો શુદ્ધતાની વૃદ્ધિ અર્થે છે, તેથી આ ભાવનાને આનંદજનની કહી છે. તીર્થંકર ભગવંતો પુરુષાર્થપૂર્વક આ વૈરાગ્યભાવના ભાવે છે.

સ્ત્રી-પુત્રાદિ સર્વે પદાર્થોનો સંયોગ ક્ષણિક છે. એટલે કે મારો અસંયોગી સ્વભાવ છે- એમ સ્વભાવના ભાનપૂર્વક, ક્ષણિક સંયોગ-વિયોગને અસ્થિર જાણીને તેમાં હર્ષ-શોક ન કરવો. ધ્રુવ આત્માનો આશ્રય કરતાં અસ્થિર સંયોગોમાં હર્ષ-શોકનો અભાવ થઈ જાય છે. ક્રમબદ્ધપર્યાયની પ્રતીત થતાં વસ્તુ સ્વભાવની રુચિ થઈને, રાગ મંદ પડતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે, એટલે ક્રમબદ્ધપર્યાયની પ્રતીતમાં પણ આવી ભાવનાઓ આવી જ જાય છે. (ક્રમશઃ) ❋

**રત્નો વિષે જ્યમ શ્રેષ્ઠ હીરક, તરુગણે ગોશીર્ષ છે,**
**જિનધર્મ ભાવિભવમથન ત્યમ શ્રેષ્ઠ છે ધર્મો વિષે. ૮૨. —શ્રી ભાવપ્રાભૃત**

# સર્વજ્ઞદેવની શ્રદ્ધાપૂર્વક શ્રાવકધર્મ

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

અહા, સર્વજ્ઞ એ તો જૈનધર્મના દેવ છે; દેવનું સ્વરૂપ પણ જે ન ઓળખે તેને ધર્મ કેવો? ત્રણ લોક ને ત્રણ કાળના સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને વર્તમાનમાં સર્વજ્ઞદેવ સ્પષ્ટ જાણે છે એ વાત પણ જેને નથી બેસતી તેને તો સર્વજ્ઞદેવની કે મોક્ષતત્ત્વની પ્રતીત નથી ને આત્માના પૂર્ણ જ્ઞાનસ્વભાવની પણ તેને ખબર નથી. શ્રાવક–ધર્માત્મા તો ભ્રાંતિરહિત સર્વજ્ઞદેવનું સ્વરૂપ જાણે છે ને એવું જ પોતાનું સ્વરૂપ સાધે છે. જેમ લીંડીપીપરના પ્રત્યેક દાણામાં ચોસઠપહોરી તીખાસ ભરી છે તે જ વ્યક્ત થાય છે, તેમ જગતના અનંત જીવોમાં પ્રત્યેક જીવમાં સર્વજ્ઞતાની તાકાત ભરેલી છે, તેનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં તે પ્રગટે છે. દેહથી પાર, કર્મથી પાર, રાગથી પાર ને અલ્પજ્ઞતાથી યે પાર પરિપૂર્ણ જ્ઞ–સ્વભાવી આત્મા જેવો ભગવાને જોયો ને પોતે પ્રગટ કર્યો તેવો જ વાણીમાં કહ્યો. તેવા આત્માની અને તે કહેનારા સર્વજ્ઞની પ્રતીત કરવા જાય ત્યાં રાગાદિની રુચિ રહેતી નથી; સંયોગ, વિકાર કે અલ્પજ્ઞતાની રુચિ છૂટીને સ્વભાવસન્મુખ રુચિ થાય છે ત્યારે જ સર્વજ્ઞે કહેલા ધર્મની ઓળખાણ થાય છે ને ત્યારે જ શ્રાવકપણું પ્રગટે છે. જૈનકુળમાં જન્મવાથી કાંઈ શ્રાવક નથી થઈ જવાતું પણ અંતરમાં જૈનપરમેશ્વર સર્વજ્ઞદેવની ઓળખાણ કરે તથા તેમણે કહેલા વસ્તુસ્વરૂપને ઓળખે ત્યારે જ શ્રાવકપણું થાય છે. અરે, શ્રાવકપણું કોને કહેવાય તેની પણ ઘણા જીવોને ખબર નથી. તેથી અહીં દેશવ્રત-ઉદ્યોતનમાં પદ્મનંદિસ્વામીએ શ્રાવકના ધર્મનો ઉદ્યોત કર્યો છે, તેનું સ્વરૂપ પ્રકાશિત કર્યું છે.

માંગલિકમાં હંમેશા બોલે કે 'केवलीपण्णत्तो धम्मो शरणं पव्वज्जामि'—અર્થાત્ હું કેવળી ભગવાને કહેલાં ધર્મનું શરણ ગ્રહું છું. પણ સર્વજ્ઞકેવળી કેવા છે અને તેમના કહેલાં ધર્મનું સ્વરૂપ શું છે તેની ઓળખાણ વગર કોનું શરણ લેશે? ઓળખાણ કરે તો સર્વજ્ઞના ધર્મનું શરણ લીધું કહેવાય ને તેને સ્વાશ્રયે સમ્યગ્દર્શનાદિ ધર્મ પ્રગટે. માત્ર બોલવાથી ધર્મનું શરણ મળે નહિ પણ કેવળી ભગવાને જેવો ધર્મ કહ્યો છે તેની ઓળખાણ કરીને પોતામાં તેવો ભાવ પ્રગટ તે કરે તો કેવળીના ધર્મનું શરણ લીધું કહેવાય.

**તું ઇન્દ્રિસેના તોડ, મનમર્કટ તું વશ કર યત્નથી,**
**નહિ કર તું જનરંજનકરણ બહિરંગ-વ્રતવેશી બની. ૯૦. —શ્રી ભાવપ્રાભૃત**

સૌથી પહેલાં સર્વજ્ઞદેવની અને તેમણે કહેલાં ધર્મની ઓળખાણ કરવાનું કહ્યું. માત્ર બાહ્ય અતિશય વડે કે સમવસરણના વૈભવ વડે ભગવાનની ઓળખાણ ન કરાવી પણ સર્વજ્ઞતારૂપ ચિહ્ન વડે ભગવાનની ઓળખાણ કરાવી તથા તેમનો કહેલો ધર્મ જ સત્ય છે એમ કહ્યું. જગતમાં છ પ્રકારના સ્વતંત્ર દ્રવ્યો, નવતત્ત્વો અને તેમાં એકેક આત્માનો પૂર્ણ સ્વભાવ દેખાડીને સ્વાશ્રયે ધર્મ બતાવનારી સર્વજ્ઞની વાણી ને રાગાદિક પરાશ્રિત ભાવથી ધર્મ મનાવનારી અજ્ઞાનીની વાણી—એના વચ્ચે વિવેક કરવો જોઈએ. સ્વાશ્રિત શુદ્ધોપયોગરૂપ શુકલધ્યાનના સાધન વડે ભગવાન સર્વજ્ઞ થયા છે.

શ્રોતા :—એ શુકલધ્યાન કેવું હશે? એ શુકલધ્યાનનો રંગ ધોળો હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અરે ભાઈ, શુકલધ્યાન એ તો ચૈતન્યના આનંદના અનુભવમાં લીનતાની ધારા છે, એ તો કેવળજ્ઞાન માટેની શ્રેણી છે. એને રંગ ન હોય. ધોળો રંગ એ તો રૂપી પુદ્‌ગલ પર્યાય છે. અહીં શુકલધ્યાનમાં 'શુકલ' એટલે ધોળો રંગ નહિ પણ શુકલ એટલે રાગની મલિનતા વગરનું, ઊજળું, પવિત્ર; એ શુકલધ્યાન તો અરૂપી આત્માની અરૂપી પર્યાય છે ને એ સ્વભાવસાધન વડે જ ભગવાન કેવળજ્ઞાન પામ્યા છે. આવા સાધનને ઓળખે તો ભગવાનની સાચી ઓળખાણ થાય. આવી સર્વજ્ઞતાને સાધતાં સાધતાં વનવિહારી સંત પદ્મનંદિ મુનિરાજે આ શાસ્ત્ર રચ્યું છે. તેઓ આત્માની શક્તિમાં જે પૂર્ણ આનંદ ભર્યો છે તેની પ્રતીત કરીને તેમાં લીનતા વડે તે ખોલતા હતા, સિદ્ધ ભગવાન સાથે અંતરમાં અનુભવ દ્વારા વાત કરતા હતા ને સિદ્ધપ્રભુ જેવા અતીન્દ્રિય આનંદનો ઘણો અનુભવ કરતા હતા; ત્યાં ભવ્ય જીવો ઉપર કરુણા કરીને આ શાસ્ત્ર રચાઈ ગયું છે. ગૃહસ્થનો ધર્મ બતાવતાં કહે છે કે અરે જીવ! સૌથી પહેલાં તુ સર્વજ્ઞદેવને ઓળખ. સર્વજ્ઞદેવને ઓળખતાં તારી સાચી જાત તને ઓળખાશે.

મહાવિદેહક્ષેત્રમાં અત્યારે સર્વજ્ઞ પરમાત્મા સીમંધર પ્રભુ વગેરે ભગવંતો બિરાજે છે, ત્યાં લાખો સર્વજ્ઞ ભગવંતો છે, એવા અનંતા થયા ને દરેક જીવમાં એવી તાકાત છે. અહો, આત્માની પૂર્ણદશા પામેલા સર્વજ્ઞ પરમાત્મા આ જગતમાં બિરાજે છે—એવી વાત કાને પડતાં જ જેને આત્મામાં એવો ઉલ્લાસ આવ્યો કે વાહ! આત્માનો આવો વૈભવ! આત્માની આવી અચિંત્ય તાકાત! જ્ઞાનસ્વભાવમાં સર્વજ્ઞ થવાની ને પૂર્ણ આનંદની તાકાત છે; મારા આત્મામાં પણ આવી જ તાકાત છે.—આ રીતે સ્વભાવનો

**તીર્થેશભાષિત-અર્થમય, ગણધરસુવિરચિત જેહ છે,**
**પ્રતિદિન તું ભાવ વિશુદ્ધભાવે તે અતુલ શ્રુતજ્ઞાનને. ૯૨.　　—શ્રી ભાવપ્રાભૃત**

મહિમા જેને જાગ્યો તેને શરીરનો રાગનો કે અલ્પજ્ઞતાનો મહિમા ઊડી જાય છે ને તેની પરિણતિ જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકી જાય છે, તેનું પરિણમન સંસારભાવથી પાછું વળીને સિદ્ધપદ તરફ વળે છે. આવી દશા થાય તેને જ સર્વજ્ઞની ખરી પ્રતીત બેઠી છે ને સર્વજ્ઞદેવે અલ્પકાળમાં જ તેની મુક્તિ દેખી છે.

સર્વજ્ઞતાની તો મહિમાની વાત જ શી! એ સર્વજ્ઞની ઓળખાણમાં પણ કેવા અપૂર્વ ભાવ છે ને તેમાં કેવો પુરુષાર્થ છે તેની લોકોને ખબર નથી. સર્વજ્ઞદેવને ઓળખતાં મુમુક્ષુને તેમના પ્રત્યે અપાર ભક્તિ ઉલ્લસે છે. જ્યાં પૂર્ણ જ્ઞાન–આનંદને પામેલા એવા સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે ઓળખાણપૂર્વકની ખરેખરી ભક્તિ ઊછળી ત્યાં હવે બીજા કોઈનો (પુણ્યનો કે સંયોગનો) મહિમા રહે નહિ, તેનો આદર રહે નહિ ને ભવમાં રખડવાનો પણ સન્દેહ રહે નહિ. અરે, જ્યાં જ્ઞાનસ્વભાવનો આદર કર્યો ને જે જ્ઞાનમાં સર્વજ્ઞને બેસાડ્યા તે જ્ઞાનમાં હવે ભવ કેવા? જ્ઞાનમાં ભવ નથી, ભવનો સંદેહ નથી. અરે જીવ! એકવાર તો સર્વજ્ઞને ઓળખીને એનાં ગાણાં ગા. આ પૃથ્વીનું હરણિયું પણ જિન ભગવાનના ગાણાં સાંભળવા ઠેઠ ચંદ્રલોકમાં ગયું, તો અહીં સન્તો સર્વજ્ઞતાની મહિમાના ગુણગાન સંભળાવે ને તે સાંભળતાં મુમુક્ષુને ભક્તિ ન ઉલ્લસે એ કેમ બને? આવા સર્વજ્ઞની ઓળખાણ એ શ્રાવકનું પહેલું લક્ષણ છે ને એ ધર્મનું મૂળ છે. સર્વજ્ઞને જે ઓળખતો નથી, તેમના વચનમાં જેને ભ્રમ છે ને વિપરીતમાર્ગને માને છે તેને તો શ્રાવકપણું હોતું નથી ને શુભભાવનુંય ઠેકાણું નથી, મિથ્યાત્વની તીવ્રતાને લીધે તેને મહાપાપી અથવા અપાત્ર કહ્યો છે. માટે મુમુક્ષુએ સૌથી પહેલાં સર્વજ્ઞદેવની ઓળખાણ કરવી–એ તાત્પર્ય છે.

અહો નાથ! આપે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને સાક્ષાત્ જાણ્યા ને દિવ્યવાણીમાં આત્માના સર્વજ્ઞસ્વભાવને જાહેર કર્યો; આપની તે વાણી અમે સાંભળી, તો હવે આપની સર્વજ્ઞતામાં કે મારા જ્ઞાનસ્વભાવમાં સંદેહ ન રહ્યો. આત્મામાં શક્તિ ભરી છે તેમાંથી સર્વજ્ઞતા ખૂલે છે–એવી આત્મશક્તિની જેને પ્રતીત નથી ને બહારના સાધનથી ધર્મ કરવા માગે છે તે તો આંધળો છે, દૃષ્ટિ વગરનો છે. જ્ઞાનસ્વભાવની ને સર્વજ્ઞની શ્રદ્ધા વગર 'શાસ્ત્રમાં આમ લખ્યું છે ને તેનો અર્થ આમ થાય'—એમ જ્ઞાની સાથે વાદવિવાદ કરે તે તો, આકાશમાં ઊડતા પંખીને ગણવા માટે દેખતાની સાથે આંધળો હોડ કરે–એના જેવું છે. જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ વગર સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રના અર્થ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

**પથ્થર રહ્યો ચિર પાણીમાં ભેદાય નહિ પાણી વડે,**
**ત્યમ સાધુ પણ ભેદાય નહિ ઉપસર્ગ ને પરિષહ વડે. ૯૫. —શ્રી ભાવપ્રાભૃત**

# પરમાગમ શ્રી પંચાસ્તિકાયસંગ્રહનો સાર

શ્રી પંચાસ્તિકાયસંગ્રહમાં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે.

આ પંચાસ્તિકાયસંગ્રહ પરમાગમ શરૂ કરતાં શાસ્ત્રકર્તાએ તેને 'સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલા પદાર્થોનું પ્રતિપાદક, ચતુર્ગતિનાશક અને નિર્વાણનું કારણ' કહ્યું છે. તેમાં કહેલા વસ્તુતત્ત્વનો સાર આ પ્રમાણે છે :—

વિશ્વ એટલે અનાદિ-અનંત સ્વયંસિદ્ધ સત્ એવી અનંતાનંત વસ્તુઓનો સમુદાય. તેમાંની પ્રત્યેક વસ્તુ અનુત્પન્ન અને અવિનાશી છે. પ્રત્યેક વસ્તુમાં અનંત શક્તિઓ અથવા ગુણો છે, જે ત્રિકાળિક નિત્ય છે. પ્રત્યેક વસ્તુ પ્રતિક્ષણ પોતામાં પોતાનું કાર્ય કરતી હોવા છતાં અર્થાત્ નવીન દશાઓ—અવસ્થાઓ—પર્યાયો ધરતી હોવા છતાં તે પર્યાયો એવી મર્યાદામાં રહીને થાય છે કે વસ્તુ પોતાની જાતને છોડતી નથી અર્થાત્ તેની શક્તિઓમાંથી એક પણ ઘટતી–વધતી નથી. વસ્તુઓની (–દ્રવ્યોની) ભિન્નભિન્ન શક્તિઓની અપેક્ષાએ તેમની (–દ્રવ્યોની) છ જાતિઓ છે : જીવદ્રવ્ય, પુદ્ગલદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય અને કાળદ્રવ્ય. જેનામાં સદા જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ વગેરે અનંત ગુણો (–શક્તિઓ) હોય છે તે જીવદ્રવ્ય છે; જેનામાં સદા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે અનંત ગુણો હોય છે તે પુદ્ગલદ્રવ્ય છે; બાકીનાં ચાર દ્રવ્યોના વિશિષ્ટ ગુણો અનુક્રમે ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ, અવગાહહેતુત્વ અને વર્તનાહેતુત્વ છે. આ છ દ્રવ્યોમાંથી પહેલાં પાંચ દ્રવ્યો સત્ હોવાથી તેમ જ શક્તિ અથવા વ્યક્તિ-અપેક્ષાએ મોટા ક્ષેત્રવાળાં હોવાથી 'અસ્તિકાય' છે; કાળદ્રવ્ય 'અસ્તિ' છે પણ 'કાય' નથી.

જિનેંદ્રના જ્ઞાનદર્પણમાં ઝળકતાં આ સર્વ દ્રવ્યો—અનંત જીવદ્રવ્યો, અનંતાનંત પુદ્ગલદ્રવ્યો, એક ધર્મદ્રવ્ય, એક અધર્મદ્રવ્ય, એક આકાશદ્રવ્ય અને અસંખ્ય કાળદ્રવ્યો—સ્વયં પરિપૂર્ણ છે અને અન્ય દ્રવ્યોથી તદ્દન સ્વતંત્ર છે; તેઓ એકબીજા સાથે પરમાર્થે કદી મળતાં નથી, ભિન્ન જ રહે છે. દેવ, મનુષ્ય, તિર્યંચ, નારક, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય વગેરે જીવોમાં જીવ-પુદ્ગલ જાણે કે મળી ગયાં હોય એમ લાગે છે પણ ખરેખર એમ નથી; તેઓ તદ્દન પૃથક્ છે. સર્વ જીવો અનંત જ્ઞાનસુખના નિધિ

**રે! ભાવમુનિ કલ્યાણકોની શ્રેણિયુત સૌખ્યો લહે;**
**ને દ્રવ્યમુનિ તિર્યંચ-મનુજ-કુદેવમાં દુઃખો સહે. ૧૦૦. —શ્રી ભાવપ્રાભૃત**

હોવા છતાં, પર દ્વારા તેમને કાંઈ સુખદુઃખ નહિ થતું હોવા છતાં, સંસારી અજ્ઞાની જીવ અનાદિ કાળથી સ્વતઃ અજ્ઞાનપર્યાયે પરિણમી પોતાના જ્ઞાનાનંદસ્વભાવને, પરિપૂર્ણતાને, સ્વાતંત્ર્યને અને અસ્તિત્વને પણ ભૂલી રહ્યો છે તથા પર પદાર્થોને સુખદુઃખના કારણ માની તેમના પ્રત્યે રાગદ્વેષ કર્યા કરે છે; જીવના આવા ભાવોના નિમિત્તે પુદ્‌ગલો સ્વતઃ જ્ઞાનાવરણાદિકર્મપર્યાયે પરિણમી જીવની સાથે સંયોગમાં આવે છે અને તેથી અનાદિ કાળથી જીવને પૌદ્‌ગલિક દેહનો સંયોગ થયા કરે છે. પરંતુ જીવ અને દેહના સંયોગમાં પણ જીવ અને પુદ્‌ગલ તદ્દન પૃથક્ છે અને તેમનાં કાર્યો પણ એકબીજાથી તદ્દન ભિન્ન ને નિરપેક્ષ છે એમ જિનેંદ્રોએ જોયું છે, સમ્યગ્જ્ઞાનીઓએ જાણ્યું છે અને અનુમાનગમ્ય પણ છે. જીવ કેવળ ભ્રાંતિને લીધે જ દેહની દશાથી અને ઈષ્ટાનિષ્ટ પર પદાર્થોથી પોતાને સુખીદુઃખી માને છે. વાસ્તવમાં પોતાના સુખગુણની વિકારી પર્યાયે પરિણમી તે અનાદિ કાળથી દુઃખી થઈ રહ્યો છે.

જીવ દ્રવ્ય-ગુણે સદા શુદ્ધ હોવા છતાં, તે પર્યાય-અપેક્ષાએ શુભાશુભભાવરૂપે, દેશશુદ્ધિરૂપે, શુદ્ધિની વૃદ્ધિરૂપે અને પૂર્ણશુદ્ધિરૂપે પરિણમે છે તથા તે ભાવોના નિમિત્તે શુભાશુભ પુદ્‌ગલકર્મોનું આસ્રવણ અને બંધન તથા તેમનું અટકવું, ખરવું અને સર્વથા છૂટવું થાય છે. આ ભાવો સમજાવવા માટે જિનેન્દ્રભગવંતોએ નવ પદાર્થો ઉપદેશ્યા છે. આ નવ પદાર્થો સમ્યક્‌પણે સમજવાથી, જીવને શું હિતરૂપ છે, શું અહિતરૂપ છે, શાશ્વત પરમ હિત પ્રગટ કરવા જીવે શું કરવું જોઈએ, પર પદાર્થો સાથે પોતાને શો સંબંધ છે—ઈત્યાદિ વાતો યથાર્થપણે સમજાય છે અને પોતાનું સુખ પોતામાં જ જાણી, પોતાના સર્વ પર્યાયોમાં પણ જ્ઞાનાનંદસ્વભાવી નિજ જીવદ્રવ્યસામાન્ય સદા એકરૂપ જાણી, તે અનાદિ-અપ્રાપ્ત એવા કલ્યાણબીજ સમ્યગ્દર્શનને તથા સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરે છે. તે પ્રાપ્ત થતાં જીવ પોતાને દ્રવ્ય-અપેક્ષાએ કૃતકૃત્ય જાણે છે અને તે કૃતકૃત્ય દ્રવ્યનો પરિપૂર્ણ આશ્રય કરવાથી જ શાશ્વત સુખની પ્રાપ્તિ—મોક્ષ—થાય છે એમ સમજે છે.

સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં જીવને શુદ્ધાત્મદ્રવ્યનું જે અલ્પ આલંબન થયું હોય છે તે વધતાં અનુક્રમે દેશવિરત શ્રાવકપણું અને મુનિપણું પ્રાપ્ત થાય છે. શ્રાવકને તથા મુનિને શુદ્ધાત્મદ્રવ્યના મધ્યમ આલંબનરૂપ આંશિક શુદ્ધિ હોય છે તે કર્મના અટકવાનું ને ખરવાનું નિમિત્ત થાય છે અને જે અશુદ્ધિરૂપ અંશ હોય છે તે શ્રાવકને દેશવ્રતાદિરૂપે


**મુનિપ્રવર ૩પરિમંડિત ક્ષમાથી પાપ નિઃશેષે દહે,**
**નર-અમર-વિદ્યાધર તણા સ્તુતિપાત્ર છે નિશ્ચિતપણે. ૧૦૮. —શ્રી ભાવપ્રાભૃત**

તથા મુનિને મહાવ્રતાદિરૂપે દેખાવ દે છે, જે કર્મબંધનું નિમિત્ત થાય છે. ક્રમે ક્રમે તે જીવ જ્ઞાનાનંદ-સ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યને અતિ ઉગ્રપણે અવલંબી, સર્વ વિકલ્પોથી છૂટી, સર્વ રાગદ્વેષ રહિત થઈ, કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી, આયુષ્ય પૂર્ણ થતાં દેહાદિસંયોગથી વિમુક્ત થઈ, સદાકાળ પરિપૂર્ણ જ્ઞાનદર્શનરૂપે અને અતીન્દ્રિય અનંત અવ્યાબાધ આનંદરૂપે રહે છે.

—આ, ભગવાન કુંદકુંદાચાર્યદેવે પંચાસ્તિકાયસંગ્રહ શાસ્ત્રમાં પરમ કરુણાબુદ્ધિથી પ્રસિદ્ધ કરેલા વસ્તુતત્ત્વનો સંક્ષિપ્ત સાર છે. તેમાં જે રીત વર્ણવી તે સિવાય બીજી કોઈ રીતે જીવ અનાદિ કાળના ભયંકર દુઃખથી છૂટી શકતો નથી. જ્યાં સુધી વસ્તુસ્વરૂપ જીવના ખ્યાલમાં આવતું નથી ત્યાં સુધી બીજા લાખ પ્રયત્ને પણ તેને મોક્ષનો ઉપાય હાથ લાગતો નથી. તેથી જ આ શાસ્ત્રને વિષે પ્રથમ પંચાસ્તિકાય અને નવ પદાર્થનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે કે જેથી જીવ વસ્તુસ્વરૂપને સમજી મોક્ષમાર્ગના મૂળભૂત સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય.

અસ્તિકાયો અને પદાર્થોના નિરૂપણ પછી આ શાસ્ત્રમાં મોક્ષમાર્ગસૂચક ચૂલિકા છે. આ અંતિમ અધિકાર, શાસ્ત્રરૂપી મંદિર ઉપર રત્નકળશ સમાન શોભે છે. અધ્યાત્મરસિક આત્માર્થી જીવોનો, આ અતિ પ્રિય અધિકાર છે. તેમને આ અધિકારનો રસાસ્વાદ લેતાં જાણે કે તૃપ્તિ જ થતી નથી. તેમાં મુખ્યત્વે વીતરાગ ચારિત્રનું—સ્વસમયનું—શુદ્ધ મુનિદશાનું—પારમાર્થિક મોક્ષમાર્ગનું ભાવવાહી મધુર પ્રતિપાદન છે, તેમ જ મુનિને સરાગ ચારિત્રની દશામાં આંશિક શુદ્ધિની સાથે સાથે કેવા શુભ ભાવોનો સુમેળ અવશ્ય હોય જ છે તેનો પણ સ્પષ્ટ નિર્દેશ છે. જેમના હૃદયમાં વીતરાગતાની ભાવના ઘોળાયા કરે છે એવા શાસ્ત્રકાર અને ટીકાકાર મુનીંદ્રોએ આ અધિકારમાં જાણે કે શાંત વીતરાગ રસની સરિતા વહાવી છે. ધીરગંભીર ગતિએ વહેતી આ શાંત રસની અધ્યાત્મગંગામાં નહાતાં તત્ત્વજિજ્ઞાસુ ભાવુક જીવો શીતળીભૂત થાય છે અને તેમનું હૃદય શાંત-શાંત થઈ મુનિઓની આત્માનુભવ- મૂલક સહજશુદ્ધ ઉદાસીન દશા પ્રત્યે બહુમાનપૂર્વક નમી પડે છે. આ અધિકાર પર મનન કરતાં સુપાત્ર મુમુક્ષુ જીવોને સમજાય છે કે 'શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયે સહજ દશાનો અંશ પ્રગટ કર્યા વિના મોક્ષના ઉપાયનો અંશ પણ પ્રાપ્ત થતો નથી.'

**તેથી ક્ષમાગુણધર! ક્ષમા કર જીવ સૌને ત્રણવિધે;**
**ઉત્તમક્ષમાજળ સીંચ તું ચિરકાળના ક્રોધાગ્નિને. ૧૦૯. —શ્રી ભાવપ્રાભૃત**



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત—૬

હવે આ છઠ્ઠો બોલ :

**સ્વભાવની વાત સાંભળતાં સોંસરવટ કાળજે ઘા પડી જાય. 'સ્વભાવ' શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય, અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે, સુખ ન લાગે, લીધે જ છૂટકો. યથાર્થ ભૂમિકામાં આવું હોય છે. ૬.**

**'સ્વભાવની વાત સાંભળતાં સોંસરવટ કાળજે ઘા પડી જાય.'**

શું કહે છે? પ્રભુ-આત્મા સ્વભાવસ્વરૂપ છે, શુદ્ધચૈતન્યમૂર્તિ ત્રિકાળી સ્વભાવરૂપ વસ્તુ છે. જેની હયાતી જ્ઞાન ને આનંદના સ્વભાવવાળી છે એવા આત્મસ્વભાવની વાત સાંભળતાં નિમિત્ત, રાગ અને પર્યાયમાંથી લક્ષ ખસી જાય ને અંદર પ્રભુ મોટો છે એનો મહિમા સોંસરવટ ઊતરી જાય. જેમ વીજળી તાંબાના તારની અંદર ફડાક દઈને ઊતરી જાય છે, તેમ પૂર્ણાનંદ પ્રભુ ચૈતન્યસ્વભાવની—જેનો કાયમી સ્વભાવ જ્ઞાન ને આનંદ છે એવા નિત્યાનંદ પ્રભુની—વાત સાંભળતાં કાળજે સોંસરવટ ઘા પડી જાય છે. બહારથી ખસી જઈને અંતરમાં જાય. અંદર સ્વભાવ પડ્યો છે તેમ જાણવામાં આવતાં સોંસરવટ કાળજામાં ઘા પડી જાય.

**'સ્વભાવ' શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય,...**

બહાર નહિ પણ આ બાજુ અંદરમાં વહ્યો જાય—એમ કહે છે. જેનો ત્રિકાળી સ્વભાવ ભગવત્સ્વરૂપ છે એવા ધ્રુવની—નિજ પ્રભુની—વાત સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, ને શરીરથી પણ જુદો પડી જાય. શરીરની સોંસરવટ એટલે શરીરથી ભિન્ન, અને કાળજામાં એટલે જ્ઞાનમાં. જ્ઞાનમાં એવું થાય કે, અહો! આવો સ્વભાવ!

સુવિશુદ્ધદર્શનધરપણે વરબોધિ કેરા હેતુએ
ચિંતવ તું દીક્ષાકાળ-આદિક, જાણી સાર-અસારને. ૧૧૦. —શ્રી ભાવપ્રાભૃત

લોકોને અંદરની આવી વાતો અઘરી લાગે છે, બહારની વાતો સહેલી લાગે છે. ‘પરમાર્થવચનિકા’માં કહ્યું છે : મૂઢ જીવ આગમપદ્ધતિને વ્યવહાર કહે છે અને અધ્યાત્મપદ્ધતિને નિશ્ચય કહે છે; તેથી તે આગમ-અંગને એકાંતપણે સાધી મોક્ષમાર્ગ દર્શાવે છે; અધ્યાત્મ-અંગને વ્યવહારથી પણ જાણે નહિ.—એ, મૂઢદૃષ્ટિ જીવનો સ્વભાવ છે. તેને એ પ્રમાણે સૂઝે જ ક્યાંથી? કારણ કે આગમ-અંગ બાહ્ય ક્રિયારૂપ પ્રત્યક્ષપ્રમાણ છે. તેનું સ્વરૂપ સાધવું તેને સુગમ છે. બાહ્ય ક્રિયા કરતો થકો તે મૂઢ જીવ પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને છે, પણ અંતર્ગર્ભિત અધ્યાત્મરૂપ ક્રિયા—જે અંતર્દૃષ્ટિગ્રાહ્ય છે તે ક્રિયાને—મૂઢ જીવ જાણે નહિ....તે મોક્ષમાર્ગ સાધવાને અસમર્થ છે.

અજ્ઞાનીને આગમનો વ્યવહાર સહેલો લાગે છે—ઠીક પડે છે. દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે આગમના વ્યવહારમાં—શુભ પરિણામમાં—તેને રસ પડે છે. પ્રવચનસારની ૯૪ મી ગાથાની ટીકામાં પણ કહ્યું છે : અજ્ઞાની જીવ અવિચલિત-ચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી સરસો ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને રાગી અને દ્વેષી થતા થકા પરદ્રવ્યરૂપ કર્મ સાથે જોડાતા હોવાને લીધે ખરેખર પરસમયરૂપે—મિથ્યાત્વરૂપે—પરિણમે છે.

હું મનુષ્ય છું, દયા-દાન આદિના વિકલ્પ મારું કર્તવ્ય છે—એવી માનસિક કલ્પનારૂપ મનુષ્યવ્યવહાર લોકોને સહેલો લાગે છે. અજ્ઞાની આગમનો વ્યવહાર સહેલો જાણીને તેનો કર્તા થાય છે ને અધ્યાત્મના વ્યવહારને—અંદર શુદ્ધચૈતન્યદ્રવ્યની પ્રતીતિ, જ્ઞાન ને રમણતાસ્વરૂપ નિર્વિકલ્પ પરિણમનને—જાણતો નથી. આગમના વ્યવહારને—અસદ્ભૂત રાગ આદિને—જાણે છે, પરંતુ અધ્યાત્મના વ્યવહારને—અંદર રાગરહિત નિર્વિકલ્પ મોક્ષમાર્ગને—ઓળખતો નથી. અધ્યાત્મમાં નિશ્ચય તો ત્રિકાળ સત્ દ્રવ્યસ્વભાવ છે, અને તેના આશ્રયે પ્રગટ થતી વીતરાગ નિર્વિકલ્પ પરિણતિ તે અધ્યાત્મ-વ્યવહાર છે.

અંદરની આવી વાતો લોકોને આકરી લાગે છે. બહારમાં બધે ‘હોહા’ ગમે છે. વ્રત કરો, ઉપવાસ કરો, પડિમા લો...બધે ધમાલ ધમાલ લાગી છે એટલે કે

**રે! પાપ સઘળું, પુણ્ય સઘળું, થાય છે પરિણામથી;**
**પરિણામથી છે બંધ તેમ જ મોક્ષ જિનશાસન મહીં. ૧૧૬.** —શ્રી ભાવપ્રાભૃત

આગમવ્યવહાર—મિથ્યાત્વ સહિતનો શુભભાવ—સહેલો લાગે છે. અંદર આત્મશુદ્ધિરૂપ અધ્યાત્મ-વ્યવહારની—શુદ્ધ પર્યાયની—તેને ખબર નથી. છે તો એ પણ વ્યવહાર; તેનો આશ્રય લેવાથી, તેનું લક્ષ કરવાથી શુદ્ધિ પ્રગટતી નથી. શુદ્ધિ તો અંદર ત્રિકાળી ભગવાન ધ્રુવ વસ્તુ છે તેનો સ્વીકાર કરવાથી—તેની નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી થાય છે.

અહીં કહે છે કે, આત્મવસ્તુ નિત્ય છે, તેનો સ્વભાવ શુદ્ધ ને ધ્રુવ છે—એ સાંભળતાં જ અંદર કાળજામાં—જ્ઞાનમાં ઊતરી જાય અને—

**'રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય, અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે, સુખ ન લાગે, લીધે જ છૂટકો. યથાર્થ ભૂમિકામાં આવું હોય છે.'**

અહા! આવો સ્વભાવ મેં કદી સાંભળ્યો નથી.

આ બધું કરવું, પણ એનું સાધન શું? ભાઈ! આ જ સાધન છે. રાગથી ભિન્ન પ્રજ્ઞાછીણી એ જ સાધન છે. એ સાધન સમજાતું નથી એટલે લોકો બહારનાં સાધનમાં ઝાંવાં નાખ્યા કરે છે. તપશ્ચર્યા કરવી, ભક્તિ કરવી, દેવ-શાસ્ત્ર-ગુરુનાં પૂજા-બહુમાન કરવાં, પણ એ તો શુભ વિકલ્પ છે, તે કાંઈ સ્વભાવને પ્રાપ્ત કરવાનાં સાધન નથી.

વસ્તુ આવી છે. લોકો તેને એકાંત નિશ્ચય કહે છે. ભાઈ! નિશ્ચય પણ નય છે ને? નયનો વિષય સમ્યક એકાંત છે. પ્રમાણનો વિષય અનેકાંત એટલે કે દ્રવ્ય-પર્યાય બેઉ છે. નયનો વિષય વસ્તુનો એક અંશ છે. નયનો વિષય અંશી—આખી ચીજ—નથી. નિશ્ચયનય પણ અંશને ગ્રહણ કરે છે; તે અંશ—નિશ્ચયનયનો વિષય—સમ્યક એકાંત એવું ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે.

આ તો સ્વભાવનો માર્ગ છે. એ અપરિમિત સ્વભાવને હદ શી? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંતી ઈશ્વરતા આદિ જે અનંત સ્વભાવ છે તે સાંભળતાં કાળજે ઘા વાગે ને શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, અને રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય.

પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિટ્ઠીમાં—સવિકલ્પ-દ્વાર વડે નિર્વિકલ્પ પરિણામ થવાનું વિધાન કહ્યું છે ત્યાં આવે છે કે, "...ત્યાં નિજ સ્વરૂપમાં અનેક પ્રકારની

**વેષ્ટિત છું હું જ્ઞાનાવરણકર્માદિ કર્માષ્ટક વડે;**
**બાળી, હું પ્રગટાવું અમિતજ્ઞાનાદિગુણવેદન હવે. ૧૧૯. —શ્રી ભાવપ્રાભૃત**

અહંબુદ્ધિ ધારે છે, 'હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું' ઈત્યાદિ વિચાર થતાં સહજ જ આનંદતરંગ ઊઠે છે, રોમાંચ (ઉલ્લસિત) થાય છે, ત્યાર પછી એવા વિચારો પણ છૂટી જાય અને (પોતાનું) સ્વરૂપ કેવળ ચિન્માત્રરૂપ ભાસવા લાગે...''

અહા! શી આ વસ્તુ છે! એમ અંદર મહિમા આવતાં રુવાંટાં ખડાં થાય, રોમાંચ ઉલ્લસિત થાય ને પછી વિકલ્પ તૂટે. રાણી ઓઝલમાંથી બહાર નીકળે તો લોકો આશ્ચર્યથી જોવા ભેગા થાય, પણ અનાદિથી રાગ ને પર્યાયની ઓઝલમાં રહેલો આ ભગવાન આત્મા શી ચીજ છે, તેને જોવા-જાણવાનું જીવને કદી કુતૂહલ જ થયું નથી. અહા! સર્વોત્કૃષ્ટ પરમાત્મા પોતે જ છે; એ પ્રભુ પોતે અજાણ્યો રહી ગયો. જેની જરૂર નથી તેને જાણવામાં વખત ગાળ્યો.

માટે અહીં કહે છે કે, 'સ્વભાવ' શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય, અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે, ક્યાંય સુખ ન લાગે; અહા! લીધે જ છૂટકો. યથાર્થ ભૂમિકામાં આવું હોય છે. પહેલી ભૂમિકામાં આવું હોય છે. સ્વરૂપ-પ્રાપ્તિની યથાર્થ ભૂમિકારૂપ દશામાં—વચલી ભૂમિકામાં—આવું હોય છે. સ્વભાવ...સ્વભાવ...સ્વભાવ એમ જેને લગની લાગી છે, બીજી કોઈ વાત ન ગોઠે એવી અંદર તીવ્ર ઝંખના જેને પ્રગટી છે, તેને આત્મા પ્રાપ્ત થયા વિના રહે જ નહિ. વસ્તુ આવી છે!

(ક્રમશઃ)❑

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ)

ઉકેલતાં આવડે નહિ. માટે પહેલાં જ શ્લોકમાં સર્વજ્ઞની અને તેમની વાણીની ઓળખાણ કરવાનું કહ્યું. સર્વજ્ઞની શ્રદ્ધા તે મોક્ષના મંડપનો માણેકથંભ છે; તે સર્વજ્ઞના એટલે કે મોક્ષતત્ત્વના ગાણાં ગાઈને તેની શ્રદ્ધારૂપ માંગળિક કર્યું.

હવે આવા સર્વજ્ઞની ઓળખાણવાળા સમ્યગ્દૃષ્ટિ જીવોની વિરલતા બતાવીને તેનો મહિમા કરતાં બીજા શ્લોકમાં કહે છે કે સમ્યગ્દૃષ્ટિ એકલો હોય તોપણ આ લોકમાં શોભનીક ને પ્રશંસનીય છે. (ક્રમશઃ)❑

**ધ્યા પંચ ગુરુને, શરણ-મંગલ-લોકઉત્તમ જેહ છે,**
**આરાધનાનાયક, અમર-નર-ખચરપૂજિત, વીર છે. ૧૨૪.** —શ્રી ભાવપ્રાભૃત



# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

(ગતાંકથી ચાલુ)



'પરિવર્તન' જ્યાં થયું હતું તે મકાન નાનું હતું. તેથી ભક્તોએ સં. ૧૯૯૪માં પ્રવચન માટે તથા પૂ. ગુરુદેવને રહેવા માટે એક મકાન બંધાવ્યું અને તેનું નામ 'શ્રી જૈન સ્વાધ્યાયમંદિર' રાખ્યું. પરમ પૂજ્ય અધ્યાત્મ-યોગી ગુરુદેવને સમયસાર પરમાગમ પ્રત્યે અતિશય ભક્તિના લીધે, સ્વાધ્યાયમંદિરમાં તેના ઉદ્‌ઘાટનના દિવસે—વૈશાખ વદ-૮ ને રવિવારના રોજ—પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પવિત્ર કરકમળે શ્રી સમયસાર પરમાગમની મંગલ પ્રતિષ્ઠા કરવામાં આવી. સમયસાર સર્વોત્તમ શાસ્ત્ર છે—એમ ગુરુદેવ વારંવાર કહેતા. સમયસારની વાત કરતાં પણ તેમને




અતિ ઉલ્લાસ આવી જતો. સમયસારની પ્રત્યેક ગાથા મોક્ષ આપે એવી છે એમ તેઓશ્રી કહેતા. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં બધા શાસ્ત્રો પર તેમને અત્યંત પ્રેમ હતો. 'ભગવાન કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ'—એમ તેઓશ્રી ઘણી વાર ભક્તિભીના અંતરથી કહેતા. ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞવીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં આઠ દિવસ રહ્યા હતા. તે વિષે પૂજ્ય ગુરુદેવને અણુમાત્ર પણ શંકા નહોતી. શ્રી

જ્ઞાનાત્મ નિર્મળ નીર શીતળ પ્રાપ્ત કરીને, ભાવથી
ભવિ થાય છે જર-મરણ-વ્યાધિદાહવર્જિત, શિવમયી. ૧૨૫. —શ્રી ભાવપ્રાભૃત

કુંદકુંદાચાર્યદેવના વિદેહગમન વિષે તેઓ અત્યંત દૃઢતાપૂર્વક ઘણીવાર ભક્તિભીના હૃદયથી પોકાર કરીને કહેતા કે—'કલ્પના કરશો નહિ, ના કહેશો નહિ, એ વાત એમ જ છે; માનો તોપણ એમ જ છે, ન માનો તોપણ એમ જ છે; યથાતથ્ય વાત છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે.' શ્રી સીમંધરપ્રભુ પ્રત્યે ગુરુદેવને અતિશય ભક્તિભાવ હતો. કોઈ કોઈ વખત સીમંધરનાથના વિરહે પરમ ભક્તિવંત ગુરુદેવનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહી જતી.

વિ.સં. ૧૯૯૫માં પોષ વદ ૧૩ના દિને ગુરુદેવે ૨૦૦ મુમુક્ષુઓના સંઘ સહિત શત્રુંજય સિદ્ધક્ષેત્રની પાવન યાત્રા અતિ ઉત્સાહ ને ભક્તિપૂર્વક કરી. તે જ વર્ષે ફાગણ વદ ૧ના રોજ સ્વાધ્યાયમંદિરમાં ભગવાનની દિવ્યધ્વનિ 'ૐ'ના શિલાપટ્ટની સ્થાપના કરવામાં આવી હતી. ત્યાર બાદ રાજકોટના મુમુક્ષુઓના અતિ આગ્રહને લીધે તે જ વર્ષે ચાતુર્માસ કરવા માટે રાજકોટ પધાર્યા. ત્યાં આનંદકુંજમાં દસ માસ સુધી રહી, સમયસાર, આત્મસિદ્ધિ અને પદ્મનંદિપંચવિંશતિકા પર અપૂર્વ પ્રવચનો આપ્યાં. પૂજ્ય ગુરુદેવના નિર્મળ નિતનવા જ્ઞાનપર્યાયોમાંથી સહજ સ્ફુરતા જડ-ચેતનની વહેંચણીના, નિશ્ચય-વ્યવહારની સંધિના તેમજ બીજા અનેક આધ્યાત્મિક ન્યાયો સાંભળી રાજકોટના હજારો લોકો પાવન થયા. ત્યાં નિશદિન આધ્યાત્મિક આનંદનું સુંદર વાતાવરણ ગુંજી ઊઠ્યું.

રાજકોટથી સોનગઢ પાછા પધારતી વખતે પૂજ્ય ગુરુદેવે ૩૦૦ ભક્તો સાથે, બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુનાં દીક્ષા, કેવળ ને નિર્વાણ—ત્રણ કલ્યાણકોથી પાવન થયેલા ગિરિરાજ ગિરનારતીર્થની અત્યંત ભક્તિ તથા ઉલ્લાસ સહ યાત્રા કરી.



પહેલી ટૂંકે દિગંબર મંદિરમાં તેમ જ દીક્ષાકલ્યાણકધામ સહસ્રામ્રવનમાં જામેલી ભક્તિની ધૂન તથા નિર્વાણસ્થળ પાંચમી ટૂંકે પૂજ્ય ગુરુદેવ પરમ અધ્યાત્મરસમાં તરબોળ બની 'હું એક, શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે;' વગેરે પદો ગવરાવતા હતા તે વખતે પ્રસરી ગયેલું ભક્તિભીનું શાંત આધ્યાત્મિક વાતાવરણ—એ બધાનાં

**તે છે સુધન્ય, ત્રિધા સદૈવ નમસ્કરણ હો તેમને,**
**જે ભાવયુત, દગજ્ઞાનચરણવિશુદ્ધ, માયામુક્ત છે. ૧૨૯. —શ્રી ભાવપ્રાભૃત**

પવિત્ર સંસ્મરણો તો ભક્તોના સ્મરણપટ પર કોતરાઈ ગયાં છે.

વિહાર દરમ્યાન રસ્તામાં આવતાં અનેક નાનાં-મોટાં ગામોમાં પૂજ્ય ગુરુદેવ વીતરાગ સદ્ધર્મનો ડંકો વગાડતા ગયા. લોકોને ગુરુદેવ પ્રત્યે ભક્તિ ઊછળી પડતી, ભવ્ય સ્વાગત થતાં અને હજારોની સંખ્યામાં પ્રવચનસભા ઊભરાઈ જતી. ગુરુદેવનો પ્રભાવના ઉદય જોઈ, તીર્થંકર ભગવાન તથા સમર્થ આચાર્ય ભગવંતો વિચરતા હશે તે વખતે ધર્મનું, ભક્તિનું ને અધ્યાત્મનું કેવું વાતાવરણ ફેલાઈ રહેતું હશે તેનો તાદશ ચિતાર કલ્પનાચક્ષુ સમક્ષ ખડો થતો.

વિ.સં. ૧૯૯૬ના વૈશાખ માસમાં પૂજ્ય ગુરુદેવ વિહાર પૂર્ણ કરી સોનગઢ પધાર્યા. ત્યાર પછી તુરત જ શ્રી નાનાલાલભાઈ જસાણી તથા તેમના ભાઈઓએ શ્રી સીમંધરભગવાનનું જિનમંદિર બંધાવવા માંડ્યું, જેમાં શ્રી સીમંધરસ્વામી વગેરે જિનભગવંતોનાં વીતરાગભાવવાહી પ્રતિમાઓની પંચકલ્યાણક વિધિપુરસ્સર મંગલ પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના શુભ દિને થઈ. પ્રતિષ્ઠા મહોત્સવના આઠે દિવસ પૂજ્ય ગુરુદેવના મુખારવિંદમાંથી ભક્તિરસભીની અલૌકિક વાણી છૂટતી હતી. વિખૂટા પડેલા સીમંધરભગવાનનો (ભલે સ્થાપના-અપેક્ષાએ પણ) ભેટો થવાથી પૂજ્ય ગુરુદેવને કોઈ અદ્ભુત આનંદોત્સાહ હતો. પ્રતિષ્ઠા પહેલાં શ્રી સીમંધરભગવાનની પ્રતિમાના પ્રથમ દર્શને પૂજ્ય ગુરુદેવની આંખોમાંથી વિરહવેદનનાં આંસુ વહ્યાં હતાં. સીમંધરભગવાન મંદિરમાં પ્રથમ પધાર્યા ત્યારે ગુરુદેવને ભક્તિરસની ખુમારી ચડી ગઈ અને આખો દેહ ભક્તિરસના મૂર્ત સ્વરૂપ જેવો શાંત શાંત ભાસવા લાગ્યો. ગુરુદેવથી સાષ્ટાંગ પ્રણમન થઈ ગયું અને ભક્તિરસમાં અત્યંત એકાગ્રતાને લીધે દેહ એમ ને એમ થોડી ક્ષણો સુધી નિશ્ચેષ્ટપણે પડી રહ્યો. ભક્તિનું આ અદ્ભુત પાવન દૃશ્ય પાસે ઊભેલા મુમુક્ષુઓથી જીરવી શકાતું નહોતું; તેમના નેત્રોમાં અશ્રુ ઊભરાયાં અને ચિત્તમાં ભક્તિ ઊભરાઈ. પૂજ્ય ગુરુદેવે પોતાના પવિત્ર હસ્તે પ્રતિષ્ઠા પણ ભક્તિભાવમાં જાણે દેહનું ભાન ભૂલી ગયા હોય એવા અપૂર્વભાવે કરી હતી.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

* શ્રોતા :—જિનવાણી સાંભળવાથી સમજણ થાય અને સાંભળતા પુણ્ય બંધાય તેનાથી પૈસા પણ મળે એ તો બંને રીતે લાભ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાંભળવાથી સમજણ ન થાય પુણ્ય જ થાય.

* શ્રોતા :—સાંભળવાથી થોડી થોડી સમજણ તો થાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ સમજણ તે ખરી સમજણ નથી, ખરી સમજણ તો સ્વસન્મુખ જાય ત્યારે ખરી સમજણ થઈ કહેવાય.

* શ્રોતા :—જ્ઞાનમાં ધારણારૂપ સમજણ તો થાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ધારણારૂપ સમજણ થાય, પણ ખરી સમજણ તો સીધો સ્વસન્મુખ અંતરમાં જાય ત્યારે થાય છે. ભગવાન આત્માને રાગથી લાભ માનવો તે કલંક છે.

* શ્રોતા :—શાસ્ત્રોમાં ક્યાંક પરીક્ષાપ્રધાની બનવા માટે કહ્યું છે અને ક્યાંક આજ્ઞાનુસારી રહેવાનો નિર્દેષ દીધો છે, પરીક્ષા કર્યા વિના નિર્ણય થાય નહિ; હવે અમારે કરવું શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સર્વજ્ઞની આજ્ઞા માનીને પરીક્ષા કરજે, એકલી પરીક્ષા કરવા જઈશ તો ભ્રષ્ટ થઈ જઈશ. જિનશાસનમાં કહેલાં પદાર્થોના સ્વભાવની ગંભીરતા, ક્ષેત્ર સ્વભાવની ગંભીરતા, કાળ સ્વભાવની ગંભીરતા, અનંત ભાવોના સ્વભાવની ગંભીરતા, એ ગંભીર ને સૂક્ષ્મ સ્વભાવી પદાર્થોને જિનઆજ્ઞાથી પ્રમાણ કરજે. અલ્પબુદ્ધિનો ધારક જીવ એકલી પરીક્ષા કરવા જશે તો જિનમતથી ચ્યુત થઈ જવાનો મોટો દોષ થશે. જિન-આજ્ઞાને મુખ્ય રાખીને બને તેટલી પરીક્ષા કરવામાં દોષ નથી. એકલી આજ્ઞાથી જ માને અને પરીક્ષા કરે જ નહિ તોપણ નિર્ણય સાચો નહિ થાય ને બીજો બીજી વાત કરશે તો ફરી જશે. માટે પરીક્ષા કરીને નિર્ણય કરજે પણ જિન-આજ્ઞાને મુખ્ય રાખજે.

**ખેચર-સુરાદિક વિક્રિયાથી ઋદ્ધિ અતુલ કરે ભલે,**
**જિનભાવનાપરિણત સુધીર લહે ન ત્યાં પણ મોહને. ૧૩૦. —શ્રી ભાવપ્રાભૃત**

* શ્રોતા :—બધા શાસ્ત્રોનો સાર સ્વસન્મુખ થવાનું કહે છે તો બધા શાસ્ત્રો વાંચવાની શું જરૂર છે? સ્વસન્મુખ થવાનો જ પ્રયત્ન કરીએ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સ્વસન્મુખ થવાનો જ પ્રયત્ન કરવાનો છે પણ સ્વસન્મુખ ન થવાતું હોય ને અનેક પ્રકારથી અટકવાના શલ્ય પડ્યા હોય ત્યારે શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ આવે છે, આવ્યા વિના રહેતો નથી અને શાસ્ત્ર પણ સ્વસન્મુખ થવાનું જ કહે છે.

* શ્રોતા :—બુદ્ધિપૂર્વક તત્ત્વનો અભ્યાસ કરવા છતાં કોઈને સમ્યગ્દર્શન થાય છે ને કોઈને ન પણ થાય તેનું શું કારણ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે જીવ તત્ત્વ નિર્ણયનો યથાર્થ પુરુષાર્થ કરે છે તેને તો સમ્યગ્દર્શન થાય જ છે પણ જે જીવ તત્ત્વનો અભ્યાસ કરવા છતાં કોઈને કોઈ ઠેકાણે અટકી જાય છે તો તેને સમ્યગ્દર્શન થતું નથી. શાસ્ત્રાનુસાર અભ્યાસ તો કરી લ્યે પણ અટકવાના અનેક પ્રકાર છે તેમાંથી કોઈ ઠેકાણે અટકી જાય તો તેને સમ્યગ્દર્શન થતું નથી. ચડવાનો એક જ પ્રકાર છે જે સાચો પ્રયત્ન રુચિપૂર્વક કરે છે તેને મોળું–ઢીલું પડવાની વાત જ નથી. તેનું જોર એવું હોય કે તેને સમ્યગ્દર્શન થાય જ. એક વાત આવે છે કે એક વખત ઘણા વહાણ સમુદ્રમાં બુડી ગયા ને એક વહાણ બચી ગયું ત્યારે કોઈ પુણ્યવાને કહ્યું કે જે વહાણ બચી ગયું તે મારું જ છે, મારું વહાણ બુડે નહિ. એમ જે તરવાવાળા જીવો છે તેમાં હું જ છું એમ એને પોતાને અંદરથી લાગે.

---

## પૂજ્ય ગુરુદેવશ્રીના અક્ષરશઃ પ્રવચનના પુસ્તક વિતરણ બાબત

જે કોઈ મંડળ અથવા વ્યક્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના અક્ષરશઃ પ્રવચનના પુસ્તક શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ મારફત વિતરણ કરવા માગતા હોય તેમણે તે પુસ્તક અથવા તેને લગતું સાહિત્ય (પ્રસ્તાવના, ફોટા, લખાણ વગેરે) અક્ષરશઃ પુસ્તક પ્રકાશન કમીટી સમક્ષ મંજૂર કરાવવું પડશે, મંજુરી બાદ તેઓ પ્રાપ્તિસ્થાનમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢનું નામ પુસ્તકમાં છાપી શકશે, ત્યારબાદ તે પુસ્તકનું વિતરણ આપણી સંસ્થાની ઓફિસમાંથી કરવામાં આવશે.

જેઓ આ યોજનામાં સામેલ થવા માગતા હોય તેમણે સંપૂર્ણ વિગત સાથે 'અક્ષરશઃ પુસ્તક પ્રકાશન કમીટી' પાસે પુસ્તક અથવા સાહિત્ય મંજૂરી માટે મોકલી આપવું.

સંપર્ક :

શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદાર, વિલે-પાર્લા–મુંબઈ

અક્ષરશઃ પુસ્તક પ્રકાશન કમિટિ, મો. ૦૯૮૩૩૦૩૩૦૫૭



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

* પ્રશ્ન :—બહિર્લક્ષી જ્ઞાનમાં સંતોષાઈ જવાય છે કે તત્ત્વ સમજાઈ ગયું, બધું આવડી ગયું; પણ ખરેખર તો શરૂઆત જ નથી થતી. તો કેમ કરવું ?

સમાધાન :—અંદરમાં ઘણું કરવાનું છે. સમજાઈ ગયું ક્યારે કહેવાય કે અંદરથી પરિણમન થાય તો સમજાઈ ગયું કહેવાય. તે ન થાય ત્યાં સુધી સમજાણું એમ માને ને એવા વિચારો અંદર કર્યા કરે તો પણ સમજાણું નથી.

પોતે ન દેખાય એવું નથી, લક્ષણ વડે દેખી શકાય છે. અરૂપી પણ પોતે જ છે. બીજું કોઈ નથી કે તેને ગોતવા જવું પડે. અરૂપી પોતે એક વસ્તુ છે, અવસ્તુ નથી. અરૂપી વસ્તુ પણ લક્ષણ વડે જોઈ શકાય એવી છે, પણ આ જોતો જ નથી તેથી ભ્રાંતિમાં પડ્યો છે. બહાર બધે જોયા કરે છે, પણ પોતાના લક્ષણને ઓળખીને પોતાને જોતો નથી કે હું કોણ છું ? બહારમાં બધે રસ લાગે છે, અંતરમાં એટલો રસ ને મહિમા લાગતો નથી એટલે ક્યાંક રોકાઈ જાય છે. પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે કે તું આત્માને ઓળખ. એ જ્ઞાયક આત્મા જ્ઞાન લક્ષણથી ઓળખાય એવો છે, એને તું ઓળખી લે, એમાં જ બધું ભર્યું છે, બહારમાં કાંઈ નથી. અનંતકાળથી માર્ગ જાણ્યો નથી અને પુરુષાર્થ કર્યો નથી. પોતે કરે, કારણ આપે, તો કાર્ય આવે; પણ પોતે કરતો નથી.

તેનું લક્ષ તો કાર્ય કરવા ઉપર જ હોવું જોઈએ.

* પ્રશ્ન :— જ્ઞાયકને ગ્રહણ કેવી રીતે કરવો તેની ચાવી કૃપા કરી બતાવશોજી.

સમાધાન :—જ્ઞાયકની લગની લાગે, જ્ઞાયકની જિજ્ઞાસા જાગે, અને પુરુષાર્થ વારંવાર તેની તરફ જાય કે આ જ્ઞાયક જે જાણનારો તે જ હું છું. અંદર જ્ઞાન—દર્શન—ચારિત્ર આદિ ગુણભેદના વિચારો પણ આવે; પણ હું તો એક અખંડ જ્ઞાયક છું એમ તેમાં ટકવા માટે વારંવાર તેના વિચાર કરે, અભ્યાસ કરે, તે અભ્યાસ કરતાં કરતાં અંદર જે સ્વભાવ છે તે ગ્રહણ થાય છે. આ જ્ઞાનસ્વભાવ તે જ હું છું, જે જ્ઞાનસ્વભાવ દેખાય છે તે રાગની સાથે મિશ્રિત દેખાય છે, પણ તે જુદો છે; જ્ઞાન જે દેખાય છે તે દ્રવ્યના આધારે છે. અર્થાત્ દ્રવ્યના આધારે એ સ્વભાવ છે. આ રીતે ત્યાં દૃષ્ટિ જાય તો તે ગ્રહણ થાય છે.

## બાળ વિભાગ

## જિનેન્દ્રભક્ત

સૌરાષ્ટ્ર દેશમાં પાટલીપુત્ર નગરમાં યશોધર રાજા હતો. તેની રાણીનું નામ સુસીમા હતું. તેમને સુવીર નામનો પુત્ર હતો. તે સાત વ્યસનોમાં ચકચૂર હતો અને તેવા (વ્યસની) ચોર લોકો તેને સેવતા હતા.

પૂર્વદેશમાં ગૌડદેશ વિભાગમાં તામ્રલિપ્ત નગરીમાં જિનેન્દ્રભક્ત શેઠના સાતમાળના મહેલની ઉપર બહુ રક્ષકોથી ઉપયુક્ત (રક્ષિત) પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાનાં ત્રણ છત્રો ઉપર વિશિષ્ટતર અમૂલ્ય વૈડૂર્યમણિ જડેલા છે. એ સંબંધી કર્ણોપકર્ણ (પરંપરાથી) સાંભળીને, લોભથી તે સુવીરે પોતાના માણસોને પૂછ્યું :

"શું તે મણિ લાવવાને કોઈ સમર્થ છે?"

"ઈન્દ્રના મુગટના મણિને પણ હું લાવી આપું." એમ ગળું ખોંખારી સૂર્ય નામનો ચોર કપટથી ક્ષુલ્લક બની અતિશય કાયકલેશથી ગામડાં અને નગરોમાં ક્ષોભઆનંદમય (ખળભળાટ) મચાવતો ક્રમથી તામ્રલિપ્ત નગરીમાં ગયો. તેના વિષે સાંભળીને, (ત્યાં) જઈને, જોઈને, (તેને) વંદન કરીને, તેની સાથે જિનેન્દ્રશેઠે વાતચીત કરી, તેની પ્રશંસા કરી. તથા ક્ષોભ પામી તેને લઈ જઈને પાર્શ્વનાથ દેવને દેખાડીને માયાથી ન ઈચ્છવા છતાં પણ (માયાથી ના પાડવા છતાં પણ) તેને ત્યાં મણિના રક્ષક તરીકે રાખ્યો.

એક દિવસ ક્ષુલ્લકને કહીને શેઠ સમુદ્રની યાત્રાએ ચાલ્યો અને નગરની બહાર જઈને રહ્યો. તે ચોર ક્ષુલ્લક ઘરના માણસોને રાચરચીલું લઈ જવામાં રોકાયેલા જાણીને, મધરાતે મણિ લઈને ચાલતો થયો. મણિના તેજથી રસ્તામાં કોટવાળોએ તેને જોયો અને પકડવા પ્રયત્ન કર્યો. તેમની પાસેથી છટકવાને અસમર્થ એવા તેણે શેઠનું જ શરણું ગ્રહ્યું અને 'મારી રક્ષા કરો, રક્ષા કરો' એમ કહ્યું.


કોટવાળોનો કલકલ અવાજ સાંભળીને અને પૂર્વાપર વિચાર કરીને 'તે ચોર છે', એમ જાણીને સમ્યગ્દર્શનના ઉપહાસને ઢાંકવા માટે શેઠે કહ્યું :

"મારા કહેવાથી જ તે એ રત્ન લાવ્યો છે. તેથી આ મહા તપસ્વીને તમે ચોર તરીકે જાહેર કર્યો, તે તમે ખોટું કર્યું."

પછી તેઓ (કોટવાળો) તે (શેઠનાં) વચનને સત્ય માનીને ચાલ્યા ગયા અને શેઠે તેને (ચોરને) રાત્રે કાઢી મૂક્યો. એ પ્રમાણે અન્ય સમ્યગ્દષ્ટિએ પણ અસમર્થ અને અજ્ઞાન પુરુષથી થયેલા સમ્યગ્દર્શનના દોષને ઢાંકવા જોઈએ.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત**








# મોક્ષમાર્ગપ્રકાશક અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક-૫ (કુલ માર્ક્સ-૫૦)

**અભ્યાસ ક્રમ -મોક્ષમાર્ગપ્રકાશક : અધ્યાય પાંચ તથા છ**

પરીક્ષાર્થીનું નામ : ...................................................... ઉંમર : ..........

મંડળનું નામ : ................................................. ગામનું નામ : ................

ફોન નં.: ...................................................... તા. ૨૫-૧૨-૨૦૧૩

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર મોક્ષમાર્ગપ્રકાશક આધારિત આપવાના રહેશે.

**પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઈપણ બાર પ્રશ્નોના ત્રણથી ચાર લીટીમાં ઉત્તર આપો. (૨૪)**

(૧) આ અન્યમત નિરાકરણ અધિકાર લખવાનો ગ્રંથકારનો હેતુ શું છે?

(૨) ગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર કોને કહે છે ?

(૩) 'જૈન ધર્મ અન્ય મતો કરતા પ્રાચીન છે', તેવું ગ્રંથકાર કઈ રીતે સાબિત કરે છે?

(૪) ઉપકરણ કોને કહે છે? દિગંબર મુનિને શાસ્ત્ર, પીંછી, કમંડળથી ધાર્મિક ઉપકાર શું થાય છે?

(૫) ઢુંઢકમતવાળા (સ્થાનકવાસી), પ્રતિમાને માનતા નથી પરંતુ તેમના શાસ્ત્રોમાં પ્રતિમા હોવાનાં ક્યાં પ્રમાણ છે?

(૬) કુદેવને માનવાથી કાંઈ લાભ ન થાય, પરંતુ તેનાથી નુકશાન શું થાય છે?

(૭) કુદેવને માનવાથી મિથ્યાત્વાદિભાવો તથા પાપબંધ કઈ રીતે થાય?

(૮) મુનિપદ લેવાનો ક્રમ શું છે?

(૯) તત્ત્વજ્ઞાનરહિત જીવો મુનિપદ લે તો તેમને શું હાનિ થાય છે?

(૧૦) 'સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે' તો સમ્યગ્દર્શન રહિત જીવને અન્ય ધર્મ હોય? તે જીવો વંદનયોગ્ય થઈ શકે?

(૧૧) મુનિલિંગને ધારીને થોડોક પણ પરિગ્રહ રાખે તેનું ફળ શું છે?

(૧૨) દિગંબર મુનિ ઉદ્દિષ્ટ આહાર લઈ શકે? ઔદેશિક દોષ કોને કહે છે?

(૧૩) 'ગુરુ વિના તો નગુરા' કહેવાય હવે સાચા ગુરુ આ કાળમાં દેખાતા નથી તો જે દેખાય તેમને જ ગુરુ માનવામાં શું દોષ છે?

(૧૪) ક્ષેત્રપાલ, દહાડી, પદ્માવતી વગેરે દેવ-દેવી કે જે જૈનમતને અનુસરે છે તેમને પૂજવામાં શું દોષ છે?

(૧૫) 'આ કાળમાં શ્રાવક પણ જેવા સંભવે તેવા નથી' તો 'જેવા શ્રાવક તેવા મુનિ' આ યુક્તિમાં કેટલું તથ્ય છે?

(૧૬) કોઈના અંતરંગમાં શ્રદ્ધાન સત્ય હોય પરંતુ બાહ્ય લજ્જાદિ વડે માત્ર શિષ્ટાચાર ખાતર કુગુરુને નમે તો તેનું ફળ શું આવે?

**પ્રશ્ન–૨ વિગતવાર ઉત્તર આપો. (કોઈપણ ત્રણ)(પાંચ થી ૬ લીટીમાં) (૧૫)**

(૧) અન્યમતીઓ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ઉત્પત્તિ શામાંથી થયેલી માને છે? તેમની તે માન્યતા ખોટી શા માટે છે?
(૨) જ્ઞાનયોગ વિષે અન્યમતીની શું માન્યતા છે? શું તેનાથી મોક્ષ થઈ શકે ખરો?
(૩) જૈનાભાસો ગુરુના સ્વરૂપને કઈ રીતે અન્યથા પ્રરૂપે છે?
(૪) જૈનાભાસો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ કેવું બતાવે છે?
(૫) ઢુંઢકમતમાં ગૃહસ્થોને અણુવ્રતાદિ સાધન વિના જ સામાયિક, પ્રતિક્રમણ, પ્રૌષધ આદિ ક્રિયાઓનું આચરણ મુખ્યપણે કરાવવામાં આવે છે, તે કઈ રીતે અયોગ્ય છે?

**પ્રશ્ન–૪ નીચે આપેલ કોઈપણ એક વિષય ઉપર વીસ લીટીમાં નિબંધ લખો. (૧૧)**

(૧) ગ્રંથકર્તા 'ઈશ્વર સૃષ્ટિનો કર્તા છે' એ ખોટી માન્યતાનું નિરાકરણ કઈ રીતે કરે છે ?
(૨) 'જૈનાભાસો સ્ત્રીલિંગ તથા અન્ય વસ્ત્રસહિત લિંગથી મુક્તિ માને છે' તે શા માટે અસત્ય છે?
(૩) 'જૈનાભાસો કેવળીને આહાર-નિહાર માને છે' તે સત્ય છે? તે પ્રશ્નનું નિરાકરણ ગ્રંથકાર કઈ રીતે કરે છે?

નોંધ : મોક્ષમાર્ગપ્રકાશક પ્રશ્નપત્ર–૫નાં ઉત્તરપત્રો મોડામાં મોડાં તા. ૫–૨–૨૦૧૪ સુધીમાં સોનગઢ પહોંચે તે રીતે રવાના કરવા વિનંતી છે.


## નીચે લખેલા વિધાન-પૂજાના પુસ્તકો વેચાણ માટે ઉપલબ્ધ છે.

| પુસ્તકનું નામ | કિંમત |
|---|---|
| (1) श्री જિનેન્દ્ર પૂજા સંગ્રહ(ગુજરાતી) | 30=00 |
| (2) श्री વિધાન પૂજા સંગ્રહ(ગુજરાતી) (ચાર વિધાનનો સંગ્રહ) | 20=00 |
| (3) श्री जिनेन्द्र पूजा संग्रह (हिन्दी) | प्रेसमें |
| (4) श्री જિનેન્દ્ર પૂજા પલ્લવ(ગુજરાતી) | 5=00 |
| (5) श्री નંદીશ્વરાદિ ભજન–પૂજન(ગુજ.) | 6=00 |
| (6) श्री दसलक्षण विधान पूजा (हिन्दी) | 10=00 |
| (7) श्री सिद्धचक्र विधान पूजा (हिन्दी) | 20=00 |
| (8) श्री पंचमेरु नंदीश्वर विधान पूजा (हिन्दी) | 10=00 |
| (9) श्री षोडश भावना विधान (हिन्दी) | 10=00 |
| (10) श्री त्रिलोक अकृत्रिम जिनालय पूजा (हिन्दी) | 10=00 |
| (11) श्री चौसठ ऋद्धि विधान पूजा (हिन्दी) | 10=00 |
| (12) श्री पंचपरमेष्ठी पूजन विधान (हिन्दी) | 10=00 |
| (13) श्री तीर्थमंडल विधान पूजा (हिन्दी) | 10=00 |
| (14) श्री जंबूद्वीपस्थ शाश्वत विधान पूजा (हिन्दी) | 20=00 |
| (15) श्री सुवर्णपुरी तीर्थ पूजन विधान (हिन्दी) | 10=00 |
| (16) श्री त्रय लघु विधान (हिन्दी) | 10=00 |
| (17) श्री जिनेन्द्र पंचकल्याणक पूजा (हिन्दी) | 10=00 |
| (18) श्री सिद्ध परमेष्ठी पूजा विधान (हिन्दी) | 10=00 |
| (19) श्री विदेहक्षेत्रस्थ विद्यमानविंशती तीर्थंकर पूजा (हिन्दी) | 10=00 |
| (20) श्री रत्नत्रय विधान (हिन्दी) | 10=00 |
| (21) श्री वर्तमान चतुर्विंशति जिन पूजा (हिन्दी) | 20=00 |
| (22) श्री जिनसहस्त्रवसुनाम पूजा विधान (हिन्दी) | 20=00 |

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### સમ્યક્ત્વ જયંતી મહોત્સવની પત્રિકા લેખન વિધિ

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૨મો મંગલકારી સમ્યક્ત્વજયંતી મહોત્સવ કે જે સુવર્ણપુરી સ્થિત 'મંગલ-દર્શન'ના મુમુક્ષુવૃંદના સૌજન્યથી ઉજવવામાં આવનાર છે. તે મંગલ ઉત્સવની પત્રિકા લેખનવિધિ મહા વદ-૬, શુક્રવાર તા. ૨૧-૨-૨૦૧૪ના રોજ રાખવામાં આવેલ છે તો આ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને પધારવા નિમંત્રણ છે.

## વૈરાગ્ય સમાચાર :–

જામનગરનિવાસી (હાલ પાર્લા-મુંબઈ) શ્રી પ્રદીપભાઈ વેલજીભાઈ શાહ (—તે શ્રી દિલીપભાઈના ભાઈ) (વર્ષ-૫૬) તા. ૨૪-૧૧-૧૩ના રોજ ઓચિંતાનું હાર્ટફેઈલ થવાથી એકાએક સ્વર્ગવાસ પામ્યા છે, તેઓને તત્ત્વનો ઘણો રસ હતો. ૫૦ વર્ષની ઉંમરથી વ્યાવસાયિક નિવૃત્તિ લઈને તત્ત્વ-અભ્યાસમાં અધિક સમય ગાળતા હતા.

રાજકોટનિવાસી શ્રી રમેશભાઈ પારસરામ શાહ (—તે બ્ર. શ્રી જ્યોત્સનાબેનના વડીલ બંધુ) (વર્ષ-૭૯) તા. ૨૭-૧૧-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ઈન્દૌરનિવાસી સ્નેહલતા વસંતકુમારજી જૈન (વર્ષ-૮૦) તા. ૧-૧૨-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો ઘણો રસ હતો.

મહુવાનિવાસી શ્રી જયસુખલાલ રતિલાલ મહેતા (—તે શ્રી સંજયભાઈ તથા જિજ્ઞેશભાઈના પિતાશ્રી) (વર્ષ-૬૬) તા. ૩-૧૨-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા તેત્રીસ વર્ષોથી સોનગઢ આવીને તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

**રે! આક્રમે ન જરા, ગદાગ્નિ દહે ન તનકુટિ જ્યાં લગી,**
**બળ ઇન્દ્રિયોનું નવ ઘટે, કરી લે તું નિજહિત ત્યાં લગી. ૧૩૨. —શ્રી ભાવપ્રાભૃત**

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

## (૮)

(૧૪૧) ચૌદમા ગુણસ્થાનનું નામ ......................... ગુણસ્થાન કહેવાય છે.

(૧૪૨) કર્મભૂમિના મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય ...................... હોય છે.

(૧૪૩) મુનિરાજ ...................... દોષ અને અંતરાય...................ટાળીને આહાર કરે છે.

(૧૪૪) પાંચમી કરણલબ્ધિ થતાં જીવને ...................... અવશ્ય થાય છે.

(૧૪૫) અરિહંત પરમાત્માને ......................ગુણસ્થાન હોય છે.

(૧૪૬) દ્રવ્યકર્મની .............................. કર્મપ્રકૃતિ હોય છે.

(૧૪૭) આત્મપ્રાપ્તિની ભાવના સફળ થાય તે માટે ....................... અનુયોગના અભ્યાસની જરૂર છે.

(૧૪૮) સમયસારની પાંચમી ગાથામાં શ્રી કુંદકુંદાચાર્યદેવે (૧).............. (૨) ............. આત્મા દર્શાવવાની પ્રતિજ્ઞા કરી છે.

(૧૪૯) દેહ ક્ષણે ક્ષણે ....................ની સન્મુખ (સમીપ) જઈ રહ્યો છે.

(૧૫૦) આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ...................... સાગરોપમની હોય છે.

(૧૫૧) ધર્મ પ્રગટાવવા માટે ................... નય આદરણીય છે.

(૧૫૨) જંબૂદ્વીપમાં આપણું ..................... ક્ષેત્ર આવેલું છે.

(૧૫૩) જગતમાં જીવને અહિતકારી પોતાને ...................... ભાવ છે.

(૧૫૪) સમ્યગ્દ્રષ્ટિ જીવ મરીને નિયમથી ..................... ગતિમાં જાય છે.

(૧૫૫) દ્રવ્યલિંગી મુનિ કરતા ......................... ગૃહસ્થ શ્રેષ્ઠ છે.

(૧૫૬) મોક્ષમાર્ગની શરૂઆત ......................... ગુણસ્થાનથી થાય છે.

(૧૫૭) તીર્થંકર માતાની સેવા કરવા ................... કુમારિકા દેવીઓ હોય છે.

(૧૫૮) સમ્યગ્દ્રષ્ટિ જીવ મુનિ થયા પહેલા .................. ની જ ભાવના ભાવે છે.

(૧૫૯) જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ ................... છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન ડિસેમ્બર-૨૦૧૩ના ઉત્તર

(૧૨૧)અસંખ્ય –ઉદયભાવ – જ્ઞાનની

(૧૨૨)ભાવલિંગી

(૧૨૩)સાત

(૧૨૪)વિકાર કરે

(૧૨૫)અનાદિ અનંત

(૧૨૬)સાદિ શાંત

(૧૨૭)સાદિ અનંત

(૧૨૮)(૧) શબ્દાર્થ (૨) મતાર્થ
(૩) આગમાર્થ (૪) ભાવાર્થ
(૫) નયાર્થ

(૧૨૯)મન

(૧૩૦)અનંત

(૧૩૧)અસંખ્યાત

(૧૩૨)અનંત

(૧૩૩)ત્રિલોકમંડન

(૧૩૪)ચોથું

(૧૩૫)પંચમ

(૧૩૬)ચૌદ

(૧૩૭)વ્યાપ્ય-વ્યાપકપણું

(૧૩૮)પાંચે

(૧૩૯)શ્રદ્ધા – નિર્મળ

(૧૪૦)ચારિત્ર – શુદ્ધ

## (૮)

# બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧૪૧) દર્શન ઉપયોગના ચાર ભેદ (૧) .............. (૨) ..............
(૩) ............ (૪) ................ છે.

(૧૪૨) એક પરમાણુ જેટલું નાનું ................... દ્રવ્ય છે.

(૧૪૩) વિદેહક્ષેત્રમાં ૨૦ તીર્થંકરમાં ચોથા નંબરના તીર્થંકર ................ નામના છે.

(૧૪૪) ભવના .................... માટે આ ભવ છે.

(૧૪૫) પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં ............................ ક્ષેત્રમાં તીર્થંકર થાશે.

(૧૪૬) બધા ............... ચાવી એક ................ નો અભ્યાસ કરવો તે.

(૧૪૭) સિદ્ધશિલા ..................... યોજન વિસ્તારવાળી છે.

(૧૪૮) સિદ્ધની સંખ્યા ..................... છે.

(૧૪૯) સિદ્ધ ભગવાન .................... અગ્રભાગ પર સ્થિત છે.

(૧૫૦) દહીંવડા ..................... પ્રકારના અભક્ષ્યમાં આવે છે.

(૧૫૧) સમવસરણની ત્રીજી ભૂમિનું નામ ............. વાટિકા છે.

(૧૫૨) ................... સમ્યગ્દષ્ટિ નારકી છે.

(૧૫૩) સમ્યગ્દષ્ટિ જીવોની સંખ્યા ............... છે.

(૧૫૪) સાતમી નરકની નીચે ............. ના જીવો રહે છે.

(૧૫૫) વેદનની અપેક્ષાએ નરકના નારકી કરતાં ............. ના જીવો વધારે દુઃખી છે.

(૧૫૬) સંખ્યા અપેક્ષાએ પર્યાપ્તિ .............. હોય છે.

(૧૫૭) કષાયથી અનુરંજિત યોગને .................... કહે છે.

(૧૫૮) પારસનાથ ભગવાન સમ્મેદશિખરની ...................... કૂટથી મોક્ષને પ્રાપ્ત થયેલ છે.

(૧૫૯) શૌચધર્મ ...................... કષાયના અભાવમાં પ્રગટ થાય છે.

(૧૬૦) વર્ષમાં ત્રણ વખત પર્યુષણ પર્વ (૧)............... (૨)................
(૩)............. મહિનામાં આવે છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન ડિસેમ્બર-૨૦૧૩ના ઉત્તર

(૧૨૧) કુદેવ
(૧૨૨) ભગવાન આત્મા
(૧૨૩) કૈલાસ
(૧૨૪) દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવ (પુણ્યાસ્રવ અને પાપાસ્રવ)
(૧૨૫) અસંખ્ય
(૧૨૬) મિથ્યાત્વ
(૧૨૭) સાધુ (મુનિ)
(૧૨૮) પંચપરમેષ્ઠિ
(૧૨૯) વિશ્વ
(૧૩૦) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને
(૧૩૧) માન-લોભ
(૧૩૨) વીર
(૧૩૩) સોનગઢ
(૧૩૪) હાથી
(૧૩૫) છેતાલીસ
(૧૩૬) કુંદકુંદાચાર્યે
(૧૩૭) જીવ - જ્ઞાન - જ્ઞાનથી
(૧૩૮) અજીવ - (પુદ્ગલ) - જાણતું
(૧૩૯) ૬ - ૭
(૧૪૦) જીવ — પુદ્ગલ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ અજ્ઞાની સુખને ઈચ્છે છે પણ સાચા સુખના ઉપાયનું ભાન નથી. જ્ઞાન નથી તેથી દુઃખના ઉપાયને સુખ જાણી જાણીને દુઃખમાં ઝંપલાવી મરે છે. અહા! સુખના સાચા ઉપાયના ભાન વિના સુખ મળે નહિ માટે સુખી થવા ઈચ્છનારે સુખનો સાચો ઉપાય શું છે તે જાણવું જરૂરી છે. ૪૧.

✻ આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ થવું તે છે. શ્રીમદે કહ્યું છે ને : "ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતા નહિ વાર." જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અહો! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે, અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઉતરશે. ૪૨.

✻ સમયસાર ગાથા ૪૫મા આઠ કર્મના ફળને દુઃખરૂપ કહ્યા છે. શાતાના ફળને પણ દુઃખરૂપ કહ્યા છે. આ તો જેને ચારગતિમાં બધુંય દુઃખ લાગ્યું હોય તેને માટે આ વાત છે. પ્રતિકૂળતાથી દુઃખ લાગે તે નહિ, સ્વર્ગ પણ જેને દુઃખરૂપ લાગે છે તેને માટે આ આત્મહિતની વાત છે. ૪૩.

✻ (આત્મા) વસ્તુ જે જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ એવું જેને જ્ઞાન થયું તેને આત્મા ભાસે છે. તેને રાગનું થવું ભાસતું નથી એટલે કે રાગ મારો છે તેમ તેને ભાસતું નથી. રાગ સંબંધી જે પોતાનું જ્ઞાન તે જ્ઞાનનું થવું ભાસે છે. પોતાનું જ્ઞાન ને રાગનું જ્ઞાન તે જ્ઞાનપણે ભાસે છે પણ વિકારપણે ભાસતું નથી. ૪૪.

✻ આ નિયમસાર શાસ્ત્રની ટીકામાં કહેલા ભાવોનું—વસ્તુસ્વરૂપનું નિરૂપણ અમે નવું કર્યું નથી. પણ ગણધર આદિ શ્રુતધરોની પરંપરાથી ચાલ્યું આવે છે. એવા આ પરમાગમમાં એમ કહ્યું છે કે કારણપરમાત્મા તે જ ખરેખર આત્મા છે અને કારણપરમાત્મા જ ખરેખર મોક્ષમાર્ગનો હેતુ છે. અહીં ત્રિકાળી પરમપારિણામિકભાવને ધ્યેય બતાવવું છે, તેથી પ્રગટ થતી મોક્ષમાર્ગરૂપ નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય તેમ જ પરસ્વભાવ કહીને આશ્રય કરવા યોગ્ય નથી—એમ કહ્યું છે. જેમ પરદ્રવ્યના આશ્રયથી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. તેમ નિર્મળ પર્યાયના આશ્રયથી પણ નવી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. તેથી તેને પરસ્વભાવ તથા પરદ્રવ્ય કહ્યું છે. અહીં ભગવાનની ગાદીએ બેસીને અંદરથી વાત આવે છે તે પરમાત્માની કહેલી આવે છે, આજે અહીં બેસતાની સાથે જ વિચાર આવ્યો હતો કે પ્રભો! આ વાત આપની જ છે. ૪૫.

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૧૪
અંક-૫ ✻ વર્ષ-૮

Posted at Songadh PO
Publish on 1-01-2014
Posted on 1-01-2014

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org